
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૮ * અંક-૪ * ડિસેમ્બર, ૨૦૨૩



વીરનો ધ્વનિ ગુરુપરંપર જે મળેલો,
પોતે વિદેહ જઈ દિવ્યધ્વનિ ઝીલેલો,
તે સંઘર્યો મુનિવરે પરમાગમોમાં,
ઉપકાર કુંદમુનિનો બહુ આ ભૂમિમાં.

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે,—જેમના સ્વરૂપનું સંસારી ભવ્યજીવો ચિંતવન કરીને, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાવીને, તેમના જેવા થઈ જાય છે અને ચારે ગતિઓથી વિલક્ષણ જે પંચમગતિ મોક્ષ તેને પામે છે. ૬. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૧)

● જો પરમાત્મા હૈ વહી મૈં હૂઁ તથા જો મૈં હૂઁ વહી પરમાત્મા હૈ-યહ સમજકર હે યોગીન્ ! અન્ય કુછ ભી વિકલ્પ મત કરો. ૭.(શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૭૨)

● દ્વાદશાંગકા તથા હરએક પૂર્વકા સાર યહી કહા ગયા હૈ કિ યદ્યપિ મેરા આત્મા શરીર સહિત હૈ તથાપિ નિશ્ચયસે યહ આત્મા પરમાત્મા હૈ ઐસા જાનના યોગ્ય હૈ. ૮. (શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૭૬)

● જેવા સિદ્ધ આત્માઓ છે તેવા ભવલીન (સંસારી) જીવો છે, જેથી (તે સંસારી જીવો સિદ્ધાત્માઓની માફક) જન્મ-જરા-મરણથી રહિત અને આઠ ગુણોથી અલંકૃત છે. ૯. (શ્રી કુંદકુંદાચાર્યદેવ, નિયમસાર, ગાથા-૪૭)

● યહ આત્મા હી નિશ્ચયસે શ્રી જિનેન્દ્ર પરમાત્મા હૈ. હે ભાઈ ! તારણતરણસ્વરૂપ જિનેન્દ્રદેવ જિસકો જિન કહતે હૈં ઐસે અપને આત્મારૂપી જિનભગવાનકા ધ્યાન કરો. યહ આત્મા હી નિશ્ચયસે તારણતરણ અરહંત પરમાત્મા હૈ. ૧૦. (શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું-૩૪૯)

● મેરા આત્મા પરમાત્મા હૈ, પરમજ્યોતિપ્રકાશસ્વરૂપ હૈ, જગતમેં જ્યેષ્ઠ હૈ, મહાન હૈ; તો ભી વર્તમાન દેખને માત્ર રમણીક ઔર અંતમેં નીરસ ઐસે ઈન્દ્રિયોંકે વિષયોંસે ઠગાયા ગયા હૂઁ. ૧૧. (શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, પ્રકરણ-૩૧, શ્લોક-૮)

● હે ભવ્ય ! જ્યારે સ્ફટિકમણિની જિનમૂર્તિસમાન અંતરમાં પોતાના શુદ્ધાત્માને તું ભાવીશ ત્યારે કર્મજાળ આપોઆપ ક્ષણમાં કટ થઈ જશે, અને આત્મભાવોમાં તું પરિશુદ્ધ થઈશ. ૧૨. (શ્રી નેમીશ્વર વચનામૃત-શતક, શ્લોક-૩૮)

● અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-એ પાંચે પરમેષ્ઠીઓ આ આત્માના જ પરિણામ છે. તેથી આત્મા જ મને શરણ છે. ૧૩.

(શ્રી કુંદકુંદ આચાર્યદેવ, બાર અનુપ્રેક્ષા, ગાથા-૧૨)

વર્ષ–૧૮
અંક–૪




વિ. સંવત
૨૦૭૯
December
A.D. 2023



## શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



### અબંધ સ્વરૂપ ભગવાનને બંધન કેમ ?

ધ્રુવ વસ્તુ રાગ તો ન કરે પણ ધર્મની દશાને પણ ન કરે. રાગ કર્તા ને ધર્મદશા કાર્ય એમ તો છે જ નહિ પણ ધ્રુવ કર્તા ને ધર્મદશા કાર્ય એમ પણ નથી, એ સ્વતંત્ર છે પવિત્ર શુદ્ધ ભગવાન આત્મા છે તે રાગને સ્પર્શ્યો પણ નથી એવો અબંધસ્વરૂપ ધ્રુવ ભગવાન આત્મા હોવા છતાં તેને બંધ કેમ છે ? – કે તેને અબંધસ્વરૂપ વસ્તુનો મહિમા નથી, જ્ઞાન નથી તેથી તે અજ્ઞાનનો મહિમા છે. પવિત્ર શુદ્ધ ચૈતન્ય ભગવાનને બંધ કેમ ? – કે પવિત્ર વસ્તુનું જ્ઞાન નથી તેથી તે અજ્ઞાનની મહિમાનો બંધ છે.

### ઔપશમાદિક પાંચ ભાવોમાં મોક્ષનું કારણ કોણ ?

વળી વિશેષ કહેવામાં આવે છે :-

ઔપશમિકાદિ પાંચ ભાવોમાં કયા ભાવથી મોક્ષ થાય છે તે વિચારવામાં આવે છે. ત્યાં ઔપશમિક, ક્ષયોપશમિક, ક્ષાયિક અને ઔદયિક એ ચાર ભાવો પર્યાયરૂપ છે અને શુદ્ધ પારિણામિક (ભાવ) દ્રવ્યસ્વરૂપ છે. અ પરસ્પર સાપેક્ષ એવું દ્રવ્યપર્યાયદ્વય (દ્રવ્ય અને પર્યાયનું જોડકું ) તે આત્મ-પદાર્થ છે.

| | |
|---|---|
| મુનિલિંગ ને ગૃહીલિંગ—એ લિંગો ન મુક્તિમાર્ગ છે;<br>ચારિત્ર-દર્શન-જ્ઞાનને બસ મોક્ષમાર્ગ જિનો કહે. ૪૧૦. | પરમાગમ<br>શ્રી સમયસાર |

ત્યાં, પ્રથમ તો જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એમ ત્રણ પ્રકારના પારિણામિક ભાવોમાં, શુદ્ધજીવત્વ એવું જે શક્તિલક્ષણ પારિણામિકપણું તે શુદ્ધદ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી નિરાવરણ અને 'શુદ્ધપારિણામિકભાવ' એવી સંજ્ઞાવાળું જાણવું; તે તો બંધ-મોક્ષપર્યાયપરિણતિ રહિત છે. પરંતુ જે દશપ્રાણરૂપ જીવતત્ત્વ અને ભવ્યત્વ અભવ્યત્વદ્વય તે પર્યાયાર્થિક-નયાશ્રિત હોવાથી 'અશુદ્ધપારિણામિકભાવ' સંજ્ઞાવાળા છે.

પ્રશ્ન :—'અશુદ્ધ' કેમ ? ઉત્તર :—સંસારીઓને શુદ્ધનયથી અને સિદ્ધોને તો સર્વથા જ દશપ્રાણરૂપ જીવતત્ત્વનો અને ભવ્યત્વ-અભવ્યત્વદ્વયનો અભાવ હોવાથી.

—ગુજરાતી ટીકા

હવે વિશેષ એટલે કે ખાસ કહેવામાં આવે છે કે ઉપશમાદિ પાંચ ભાવોમાંથી કયા ભાવે આત્માને પૂર્ણાનંદની દશારૂપ મોક્ષ થાય.

ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, પારિણામિક તથા ઉદય—એ પાંચ ભાવોમાં શુદ્ધ પારિણામિક ભાવ તે ધ્રુવ છે, તે દ્રવ્યરૂપ છે અને બીજા ચાર ભાવો પર્યાય છે. ઉદયભાવ છે તે વિકારી ભાવ છે અને બીજી ત્રણ પર્યાયો છે તે રાગ રહિત નિર્મળ પર્યાય છે. ઉદયભાવ તે રાગ છે તે મોક્ષનું કારણ નથી પણ ઉપશમ આદિ ત્રણ ભાવો જે રાગ રહિત નિર્મળ પર્યાય છે તે મોક્ષનું કારણ છે એમ અહીં કહેવું છે.

પાંચ ભાવોમાં જે શુદ્ધ પારિણામિકભાવ તે દ્રવ્યસ્વરૂપ છે અને બીજા ચાર ભાવો પર્યાયરૂપ છે અને તેનું જોડકું આત્મા—પદાર્થ છે. ત્રિકાળી દ્રવ્ય તે પારિણામિકભાવ અને બીજી ચાર પર્યાય—તેનું જોડકું તે પ્રમાણનો આત્મા છે. દ્રવ્ય-પર્યાયનું જોડકું તે પ્રમાણનો આત્મા છે, તે નિશ્ચયનો આત્મા નથી.

## બંધમોક્ષપર્યાયપરિણતિ રહિત શુદ્ધ પારિણામિકભાવ

પ્રથમ તો જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એ ત્રણ પ્રકારના પારિણામિક ભાવ છે. એ ત્રણ પ્રકારના પારિણામિકભાવમાં શુદ્ધજીવત્વ શક્તિલક્ષણ ત્રિકાળ પારિણામિકપણું છે. તે શુદ્ધ દ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી ત્રિકાળ નિરાવરણ છે, જેમાં ચાર પ્રકારની પર્યાય પણ નથી તેમાં આવરણ શેનું હોય ?

જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એ ત્રણ પ્રકારના પારિણામિકભાવમાં શુદ્ધ

**તેથી તજી સાગાર કે અણગાર-ધારિત લિંગને,**
**ચારિત્ર-દર્શન-જ્ઞાનમાં તું જોડ રે! નિજ આત્મને. ૪૧૧.**

જીવત્વશક્તિ ત્રિકાળ છે. એ ત્રણમાં જે ત્રિકાળી શુદ્ધશક્તિ છે—ધ્રુવ તે શુદ્ધજીવત્વ શક્તિલક્ષણ પારિણામિકપણું છે. ચાર પ્રકારની પર્યાય વિનાની ત્રિકાળી વસ્તુ કે જે સમ્યગ્દર્શનનો વિષય છે, ધર્મનું ધ્યેય એવી જે ત્રિકાળી ચીજ છે તે શુદ્ધ દ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી નિરાવરણ છે.

ઉત્પાદ-વ્યયરૂપ ઉપશમાદિ ચાર પર્યાયો વિનાની ત્રિકાળી વસ્તુ શુદ્ધ છે. ઉદય છે તે મલિન ઉત્પાદ-વ્યયવાળી પર્યાય છે અને ઉપશમ આદિ ત્રણ ભાવો નિર્મળ ઉત્પાદ-વ્યયવાળી પર્યાય છે, મલિન ને નિર્મળ ઉત્પાદ-વ્યયથી રહિત શુદ્ધ જીવવસ્તુ છે તે શુદ્ધ-પારિણામિકભાવ સંજ્ઞાવાળું છે-તે શુદ્ધપારિણામિકભાવ છે.

## જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ 'અશુદ્ધપારિણામિકભાવ' છે

જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વમાં દશપ્રાણરૂપ જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ એ ત્રણે પર્યાયનય આશ્રિત છે. દશભાવપ્રાણે આત્મા જીવે તે વ્યવહારઆશ્રિત પર્યાયનયનું કથન છે. દશભાવપ્રાણથી જીવે તે અશુદ્ધ પારિણામિકભાવથી કહેવામાં આવ્યું છે અને ભવ્યત્વ, અભવ્યત્વ તે પર્યાયનયને આશ્રિત છે. ભવ્યત્વ, અભવ્યત્વ ત્રિકાળીમાં નથી પણ તે પર્યાયને આશ્રિત છે. જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વમાં જે ત્રિકાળી વસ્તુ છે તે પરમ શુદ્ધ સ્વભાવ ભાવથી ભરેલી છે. જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એ ભેદો છે. તે પર્યાયનયાશ્રિત હોવાથી 'અશુદ્ધપારિણામિકભાવ' સંજ્ઞાવાળા છે—અશુદ્ધ પારિણામિક નામવાળા છે.

પ્રશ્ન :—ભવ્યત્વ, અભવ્યત્વ અને દશભાવપ્રાણરૂપ જીવત્વ અશુદ્ધ કેમ ?

ઉત્તર :—તેઓ શુદ્ધનયથી સંસારીને છે જ નહીં, ભવ્યત્વ આદિ તો પર્યાયનયથી કહ્યું છે ને વસ્તુ તો ત્રિકાળ છે, તેમાં દશભાવપ્રાણ, ભવ્યત્વ, અભવ્યત્વ આદિ નથી. અશુદ્ધ ભાવપ્રાણ, ભવ્યત્વ, અભવ્યત્વ ત્રિકાળીમાં છે જ નહીં. વળી સિદ્ધને તો તેઓ સર્વથા જ નથી, પર્યાયમાં પણ નથી. સંસારીને વસ્તુમાં અને સિદ્ધને તો વસ્તુમાં ને પર્યાયમાં બન્નેમાં તેઓ નથી. સંસારી દરેક પ્રાણીને પર્યાય દૃષ્ટિએ જોઈએ તો દશ ભાવપ્રાણ છે તે શુદ્ધનયથી વસ્તુમાં છે જ નહીં અને સિદ્ધોને તે સર્વથા નથી તેથી તેમને અશુદ્ધ કહ્યાં.

(ક્રમશઃ) ❋

તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને,
તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે. ૪૧૨.

## શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૩૦, ગાથા - ૨૭)

### બંધ-મોક્ષનું સ્વરૂપ

હવે અહીં ૨૭મી ગાથામાં મુનિરાજ મમતા ટાળી નિર્મમ થવાનો રસ્તો બતાવે છે.

एकोऽहं निर्ममः शुद्धो ज्ञानी योगीन्द्रगोचरः ।
बाह्याः संयोगजा भावा मत्तः सर्वेऽपि सर्वथा ।।२७।।

નિર્મમ એક વિશુદ્ધ હું, જ્ઞાની યોગી-ગમ્ય,
સંયોગી ભાવો બધા, મુજથી બાહ્ય અરમ્ય. ૨૭.

હું એક છું, મારું સ્વરૂપ એકરૂપ છે, મારે રાગ સાથે કોઈ સંબંધ નથી. એક વિકલ્પ પણ મારા સ્વરૂપમાં નથી. હું તો અનંત જ્ઞાન, આનંદ સ્વરૂપે એકરૂપ છું અને પરથી નિર્મમ છું.

અસ્તિથી જુઓ તો, હું એક શુદ્ધ જ્ઞાનઘન છું અને નાસ્તિથી જુઓ તો હું પરના સંબંધ વિનાનો અને પરના મમત્વ વિનાનો નિર્મમ છું. વળી હું શુદ્ધ છું અને જ્ઞાની છું એટલે તદ્દન શુદ્ધ જ્ઞાનસ્વભાવનો ભંડાર છું.

મારો આત્મસ્વભાવ યોગીન્દ્રો દ્વારા જાણવાલાયક છે. મારા શુદ્ધ સ્વભાવને યોગીઓ જ જાણી શકે છે, પણ યોગી કોણ ? કે સ્વરૂપમાં જોડાણ કરે અને રાગથી જોડાણ તોડે, તે યોગી છે. તે યોગીઓ અને યોગેન્દ્રો એટલે કેવળી દ્વારા હું જાણવાલાયક છું.

સંયોગજનિત જેટલા પદાર્થો છે તે દેહ, મન, વાણી, દયા, દાન, પુણ્ય-પાપની વૃત્તિ આદિ મારા મૂળ સ્વરૂપમાં નથી. સંયોગજનિત છે...મનુષ્યદેહ પામીને કરવાલાયક તો આ સમજણ છે તેને બદલે લોકો બહારના ત્યાગ આદિને ધર્મ માનીને તેમાં ગુંચવાઈ ગયા છે.

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય,
સત્ સાધન સમજ્યો નહિ ત્યાં બંધન શું જાય ?

સત્ સાધન સમજ્યા વિના બીજા બધા પ્રયત્ન વ્યર્થ છે.

હું તો એક શુદ્ધ જ્ઞાનઘન છું તે સિવાય જેટલા વિકલ્પો છે તે બધા મારાથી સર્વથા ભિન્ન છે. જેમ પરમાણુ મારાથી તદ્દન જુદી ચીજ છે તેમ પંચમહાવ્રતના વિકલ્પો

**બહુવિધનાં મુનિલિંગમાં અથવા ગૃહીલિંગો વિષે**
**મમતા કરે, તેણે નથી જાણ્યો 'સમયના સાર'ને. ૪૧૩.**

કે કોઈપણ જાતના વિકલ્પો મારા સ્વરૂપથી સર્વથા ભિન્ન છે. એમ નક્કી કરીને સ્વરૂપમાં એકત્વ કરવું તે નિર્મમ થવાનો ઉપાય છે. સત્‌ને પ્રાપ્ત કરવાનું એકમાત્ર સાધન આ જ છે, બીજું કોઈ સાધન નથી.

## સર્વ દુઃખક્ષયનો ઉપાય
## સ્વથી એકત્વ-પરથી વિભક્તરૂપ ભેદજ્ઞાન

પૂજ્યપાદસ્વામીકૃત ઈષ્ટોપદેશની ૨૭ મી ગાથા ચાલે છે.

શિષ્યનો પ્રશ્ન હતો કે આત્મા પરથી નિર્મમ કેવી રીતે થાય ? નિર્મમ થવાનો ઉપાય શું છે ? આ પ્રશ્નનો ગુરુ ઉત્તર આપે છે.

હું દ્રવ્યાર્થિકનયથી એક છું. સામાન્ય દ્રવ્યસ્વરૂપે હું ત્રિકાળ રહેનારો એક છું. હું જ્ઞાની અને યોગીઓને સ્વસંવેદનગમ્ય છું. સંયોગીભાવો બધા મારાથી તદ્દન ભિન્ન છે.

અહીં પ્રમાણના વિષયભૂત પર્યાય સહિતના દ્રવ્યની વાત નથી. પણ દ્રવ્યાર્થિકનયના વિષયભૂત દ્રવ્યની વાત છે. સામાન્ય ધ્રુવ સ્વભાવની વાત લીધી છે. સામાન્ય અને વિશેષરૂપ દ્રવ્ય તે પ્રમાણનું દ્રવ્ય છે. અહીં દ્રવ્યાર્થિકનયથી સામાન્ય એકરૂપ ત્રિકાળ ધ્રુવ એક સ્વભાવ તે હું છું એમ દર્શાવ્યું છે.

વસ્તુદષ્ટિએ-સામાન્યદષ્ટિએ-ધ્રુવના લક્ષવાળી દષ્ટિએ હું એક છું. પૂર્વ ની પર્યાય અને ભવિષ્યની પર્યાયમાં હું તો કાયમ એકરૂપ રહેનારો છું. ભૂત-ભવિષ્ય અને વર્તમાનની દરેક પર્યાયમાં સંળગ એકરૂપે રહેનારો હું આત્મા છું.

પ્રથમ થોડો અભ્યાસ હોવો જોઈએ, આ તો મૂળ તત્ત્વની વાત છે ભાઈ ! અભ્યાસ વગર શી રીતે સમજાય ?

શિષ્યનો પ્રશ્ન છે કે પરદ્રવ્યથી નિર્મમત્વ થવાની ચિંતવનાનો ઉપાય શું ? તેનો અહીં ઉત્તર અપાય છે. પરથી જુદો પડે-નિર્મમ થાય તો જ શાંતિ, સુખ અને સમાધાન થાય માટે આ બહુ મુદ્દાનો પ્રશ્ન છે. સમજવા જેવી વાત છે.

જેમ મોતીના હારમાં દરેક મોતીમાં પરોવેલો દોરો સંળગ છે. મોતી અલગ અલગ છે પણ દોરો એક સળંગ છે, તેમ આત્મા પણ ભૂતની પર્યાય થઈ ગઈ, વર્તમાનની થાય છે અને ભવિષ્યમાં થશે તે બધી પર્યાયમાં સળંગ એકરૂપે રહેનારો સદશ સ્વભાવી છે.

**વ્યવહારનય એ ઉભય લિંગો મોક્ષપંથ વિષે કહે,**
**નિશ્ચય નહીં માને કદી કો લિંગ મુક્તિપથ વિષે. ૪૧૪.**

દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી કહે છે હું નિર્મમ છું. શરીર, કર્મ, પુણ્ય-પાપના ભાવ આદિ મારા અને તેના એવા મિથ્યા અભિપ્રાયથી હું રહિત છું. હું તેના સ્વરૂપે નથી અને એ મારા સ્વરૂપે નથી તેથી તેનાં કાર્યો મારાં સ્વરૂપે નથી અને મારું સ્વરૂપ તેના કાર્યમાં જતું નથી.

આ હાહા... ભાઈ ! જેવી ચીજ સ્વથી એકત્વ છે અને પરથી ભિન્ન છે તેવી જ રીતે તેને સ્વીકારવી કે આ શરીરાદિ મારા નથી અને હું તેનો નથી. તે મારા સ્વરૂપે નથી. હું તેના સ્વરૂપે નથી. આ નિર્મમ થવાનો ઉપાય છે. પરથી ભિન્ન જેવા સ્વસ્થે આત્મા છે તેમ તેને માનવો, તેનાથી વિરુદ્ધ શરીરાદિ પરદ્રવ્ય મારાં અને હું તેનો એવો જે અભિપ્રાય તે મિથ્યાદર્શન-મિથ્યાશલ્ય છે.

ભાઈ ! તારું હોય તે તારાથી જુદું ન પડે અને જે જુદું પડે તે તારું ન હોય માટે તારાથી ભિન્ન ચીજમાં તને ઠીક પડે—મજા પડે એવું તારું સ્વરૂપ નથી. જે મારું સ્વરૂપ નથી તેમાં મને મજા ન પડે. મારા સ્વરૂપમાં જ મને મજા પડે. એમ નક્કી રાખજે.

શરીર, સ્ત્રી, પુત્ર, પરિવાર, રાગાદિ હોય તો મને ઠીક પડે, એમ માને છે એનો અર્થ જ એ છે કે ''તે મારા છે અને હું તેનો છું'' એવી માન્યતા તે મિથ્યાદર્શન શલ્ય છે. રૂપાળું શરીર, કરોડો રૂપિયા, ડાહ્યા દીકરા વગેરે જોઈને તેમાં અટકે છે એ તેનું મિથ્યાદર્શન શલ્ય છે. બીજાને હું કાંઈક અનુકૂળ થાઉ. તેના કામમાં મદદ કરું એ અભિપ્રાય પણ મિથ્યા છે. ''પરદ્રવ્ય મારાં અને હું તેનો'' આવો અભિપ્રાય તે મમતા છે અને તેનાથી રહિત તે નિર્મમ છે.

''હું તેનો અને તે મારાં'' ''હું બધાની સગવડતામાં મદદરૂપ થાઉં અને મારી સગવડતામાં એ મદદ કરે'' એટલે કે પરદ્રવ્યને હું સુખદુઃખ આપું અને એ મને સુખદુઃખ આપે—આવો મૂઢ અભિપ્રાય જ્ઞાનીને હોતો નથી. જ્ઞાની એવા અભિપ્રાયથી રહિત પોતાને નિર્મમસ્વરૂપે જાણે છે.

''પર મારાં અને હું એનો'' આવી ઊંધી ભ્રમણા તને કયાંથી થઈ ગઈ ભાઈ ? ભાઈ ! તારા તત્ત્વની અંદર પરતત્ત્વનો લેશમાત્ર લેપ નથી અને પરતત્ત્વમાં તારા તત્ત્વનો લેશ પણ લેપ નથી. છતાં તે આવો અભિપ્રાય ઊભો કર્યો છે. ધર્મી કહે છે કે તું તે અભિપ્રાયથી રહિત તત્ત્વ છો તેની દૃષ્ટિ કર !

અરે ! મારામાં મારું (તત્ત્વ) છે તે પરનું નહિ અને જે પરનું છે તે મારામાં નહિ. મારો આનંદ મારી પાસે છે. મારો આનંદ કોઈ ચીજને દેખવાથી કે તેના સંયોગથી નવો

આ સમયપ્રાભૃત પઠન કરીને, અર્થ-તત્ત્વથી જાણીને,
ઠરશે અરથમાં આતમા જે, સૌખ્ય ઉત્તમ તે થશે. ૪૧૫.

ઉપજતો નથી. મારો આનંદ ત્રિકાળ મારી પાસે જ છે અને પરપદાર્થની સ્વતંત્ર દશાઓ તેની પાસે છે. આમ, ધર્મી પોતાને વિપરીત અભિનિવેશ રહિત જેમ છે તેમ માને છે. જુઓ ! આ ધર્મીના લક્ષણ ! આ કર્યું ને તે કર્યું અને માને કે થઈ ગયો ધર્મ—એ ધર્મનાં લક્ષણ નથી.

આત્મા એક છે અને નિર્મળ છે એ બે બોલ થયા. હવે ત્રીજો બોલ—હું શુદ્ધ છું એમ જ્ઞાની જાણે છે. શુદ્ધનયની અપેક્ષાથી મારો મહિમાવંત ભગવાન ત્રણેકાળ શુદ્ધ જ છે એમ શુદ્ધનય જુએ છે. જડકર્મ અને ભાવકર્મ જે પુણ્ય-પાપ, વ્યવહારરત્નત્રયના વિકલ્પ તેનાથી હું રહિત માટે શુદ્ધ છું.

હું તો જ્ઞાનસ્વરૂપી ભગવાન અનાકુળ આનંદનો નાથ છું. શુદ્ધનય રૂપી જ્ઞાનચક્ષુ ભગવાન આત્માને રાગ અને નિમિત્ત-કર્મથી રહિત શુદ્ધ દેખે છે.


હવે ચોથો બોલ—હું કેવળીઓ અને યોગીઓ દ્વારા જાણવા લાયક છું. એટલે કે હું કેવો છું ? કે કેવળી સર્વજ્ઞ ભગવંતો દ્વારા મારી અનંત પર્યાયો સહિત હું જાણવામાં આવી શકું તેમ છું. કેવળીઓ મને આ રીતે જાણી શકે તેવો હું છું. જુઓ તો, ''કેવળીગમ્ય'' શબ્દ મૂકીને કેટલી ગજબ-ગંભીર વાત મૂકી દીધી છે ! વાહ, ટીકા પણ ગજબ છે ! હું મને ગમ્ય છું અને કેવળીને ગમ્ય છું.

હું ધ્રુવ, અને ''પરદ્રવ્ય મારાં અને હું તેનો'' એવા મિથ્યા અભિપ્રાયથી રહિત, શુદ્ધનયની અપેક્ષાએ રાગ અને કર્મથી રહિત શુદ્ધ છું એવો હું અનંતપર્યાય સહિત કેવળજ્ઞાનીના જ્ઞાનમાં જાણવામાં આવું છું અને શ્રુતકેવળીઓ દ્વારા પણ હું માત્ર શુદ્ધ ઉપયોગરૂપ જાણવામાં આવું તેવો છું અને હું પણ મારાં શ્રુતજ્ઞાન વડે મને શુદ્ધ ઉપયોગમાત્ર જાણું છું. જ્ઞાની કહે છે કે મારું હોવાપણું શુદ્ધઉપયોગમાત્ર છે એમ હું જાણું છું. મારું સ્વરૂપ જેવું છે તેવું હું જાણું છું.


પરથી નિર્મમત્વ એટલે વિભક્ત થવાનો અને સ્વમાં એકત્વ કરવાનો આ ઉપાય કહ્યો. મમ એટલે એકત્વ અને નિર્મમત્વ એટલે વિભક્ત; હું પરથી વિભક્ત છું. મારું સ્વરૂપ ધ્રુવ સદા એકરૂપ જ્ઞાનસ્વભાવી છે. હું મને જણાવાને લાયક છું. કેવળજ્ઞાની મને અનંતપર્યાયો સહિત જાણી રહ્યા છે એમ હું જાણું છું. આમ હું મારાથી જણાઉ એવો સ્વસંવેદ્ય છું.

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૩ ઉપર)

| નમીને અનંતોત્કૃષ્ટ દર્શનજ્ઞાનમય જિન વીરને<br>કહું નિયમસાર હું કેવળીશ્રુતકેવળીપરિકથિતને. ૧. | પરમાગમ<br>શ્રી નિયમસાર |
|---|---|




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(બીજી ઢાળ ગાથા-૬)

## નિર્જરા અને મોક્ષતત્ત્વમાં અજ્ઞાનીની ભૂલ તથા મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ

रोके न चाह निजशक्ति खोय, शिवरूप निराकुलता न जोय।
याही प्रतीतिजुत कछुक ज्ञान, सो दुःखदायक अज्ञान जान ।।७।।

વળી, કોઈ એક ઈશ્વર છે ને તેમાં આ જીવ ભળી જાય છે—એમ પણ નથી. મોક્ષમાં અનંત આત્માઓ ભિન્ન રહીને, દરેક આત્મા પોતપોતાની નિજશક્તિનો પરમ-ઈશ્વર છે; આત્મા પોતે પોતાનો ઈશ્વર છે. આત્માની જ્ઞાનાદિ અનંત શક્તિઓ પૂર્ણ પ્રગટ થાય તેનું નામ જ ઈશ્વરપણું છે ને તેથી જ ઈશ્વરને અનંત શક્તિવાળા કહેવાય છે.

વળી કોઈ દુર્મતિ એમ માને છે કે જ્ઞાનનો અભાવ થઈ જવો તેનું નામ મોક્ષ;—પણ એવું મોક્ષનું સ્વરૂપ નથી. મોક્ષદશા તો પૂર્ણ જ્ઞાન—આનંદથી ભરપૂર છે. જ્ઞાનની પૂર્ણતા તે મોક્ષ છે.—તેને બદલે જ્ઞાનની શૂન્યતાને મોક્ષ માને છે—એ તો ઘણી વિપરીતતા છે. મોક્ષ થતાં જો જ્ઞાનની શૂન્યતા થઈ જાય તો તો આત્મા જડ થઈ ગયો!—એવા મોક્ષને કોણ ઈચ્છે? પોતાનો અભાવ કોણ ઈચ્છે? મોક્ષ માટે રાગાદિ પર ભાવોથી છૂટવાનું છે, કાંઈ જ્ઞાનાદિ નિજગુણોથી છૂટવાનું નથી. પણ અજ્ઞાનીઓની ભ્રમણાનો પાર નથી. પોતે કોણ ને પોતાના ગુણ કેવા—એની એને ખબર નથી. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ.' મોક્ષનું સ્વરૂપ સમજવામાં જેની ભૂલ હોય તેને મોક્ષના ઉપાયમાં પણ ભૂલ હોય જ.

જીવોને સાત તત્ત્વમાં ભૂલ અનાદિની છે, એટલે કુગુરુઓના ઉપદેશ વગર પણ અનાદિથી તેને મિથ્યાશ્રદ્ધા ને મિથ્યાજ્ઞાન વર્તે છે. ઉપયોગસ્વરૂપ આત્મા હું છું, ને મારી ચાલ પાંચ અજીવદ્રવ્યોથી જુદા પ્રકારની છે—એમ પોતાના ભિન્ન સ્વરૂપને સમજે તો અનાદિની ભૂલ મટે.

છે માર્ગનું ને માર્ગફળનું કથન જિનવરશાસને;
ત્યાં માર્ગ મોક્ષોપાય છે ને માર્ગફળ નિર્વાણ છે. ૨.

* જીવ પોતે ઉપયોગસ્વરૂપ છે—તેને તે જાણતો નથી.
* દેહાદિ અજીવ પોતાથી જુદું હોવા છતાં તેને પોતાનું માને છે.
* રાગાદિ આસ્રવો દુઃખદાયી હોવા છતાં તેને સુખરૂપ માનીને સેવે છે.
* પુણ્ય—પાપ બંને બંધનરૂપ હોવા છતાં પુણ્યબંધનને સારું માને છે.
* સંવરના કારણરૂપ જે જ્ઞાન—વૈરાગ્ય, તે તેને કષ્ટદાયક લાગે છે.
* ઈચ્છાના નિરોધવડે નિજશક્તિને પ્રગટ કરવારૂપ નિર્જરાને તે જાણતો નથી.
* પરમ નિરાકુળ આનંદસ્વરૂપ મોક્ષદશાને તે ઓળખતો નથી.

—આમ સાતે તત્ત્વોમાં અજ્ઞાનીને ભૂલ હોય છે. કોઈવાર શાસ્ત્રથી સાત તત્ત્વોને જાણે અને શાસ્ત્રઅનુસાર કહે, પણ અંદર પોતાના શુદ્ધસ્વરૂપના વેદન વગર તેને તત્ત્વમાં સૂક્ષ્મ ભૂલ રહી જાય છે. અંતરમાં પોતાના શુદ્ધસ્વરૂપનો અનુભવ કરે ત્યારે જ તત્ત્વની સાચી શ્રદ્ધા ને સાચું જ્ઞાન હોય છે; ને પછી જ ચારિત્ર હોય છે તેના વડે મોક્ષ પમાય છે.

અહા, મોક્ષદશા તો સર્વથા આનંદરૂપ છે,—જેમાં આકુળતાનો સર્વથા અભાવ છે; એકલો જીવ પોતાની શુદ્ધતા સહિત સદાકાળ બિરાજે છે, જેને રાગ—દ્વેષ નથી, શરીર નથી, ઈચ્છા નથી, ઈન્દ્રિયો વગર પરિપૂર્ણ જ્ઞાન છે, ને પદાર્થો વગર પરિપૂર્ણ સુખ છે. ઈન્દ્રિયો વગરનું પૂર્ણજ્ઞાન કેવું હોય તેની કલ્પના પણ અજ્ઞાનીને નથી આવતી. કેમકે તે તો ઈન્દ્રિયજ્ઞાનને જ અનુભવનારો છે, તેથી મોક્ષમાં અતીન્દ્રિય જ્ઞાનનું જે અસ્તિત્વ છે તે તેને ભાસતું નથી, એટલે મોક્ષમાં તેને જ્ઞાનનો અભાવ લાગે છે! અહા, અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય સુખનું કોઈ અપાર માહાત્મ્ય છે, તેનું સ્વરૂપ ઓળખે તો અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનો અંશ પોતામાં પણ પ્રગટી જાય. ઈન્દ્રિયજ્ઞાન વડે એનું સ્વરૂપ સમજાય તેમ નથી. જે એકલા રાગમાં ને ઈન્દ્રિયજ્ઞાનમાં જ મગ્ન છે તે તો કાંઈ રાગાદિને સાધન બનાવીને તેનાથી મોક્ષ સાધવા મથે છે, પણ મોક્ષના સાચા ઉપાયની તેને ખબર નથી.

આ પ્રમાણે તત્ત્વની ભૂલ તે મિથ્યાત્વ છે; તે મિથ્યાત્વસહિતનું જે કાંઈ જાણપણું કે શાસ્ત્રભણતર વગેરે છે તે બધું અજ્ઞાન છે—મિથ્યાજ્ઞાન છે; અને આવા મિથ્યાશ્રદ્ધા—મિથ્યાજ્ઞાન સહિતનું જે કાંઈ શુભાશુભઆચરણ છે તે બધુંય મિથ્યાચારિત્ર છે. આવા

**જે નિયમથી કર્તવ્ય એવાં રત્નત્રય તે નિયમ છે;**
**વિપરીતના પરિહાર અર્થે 'સાર' પદ યોજેલ છે. ૩.**

મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર તે જીવને મહાન દુઃખ દેનાર છે. માટે હે ભાઈ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે તેનો અભાવ કર. તારા સાચા સ્વભાવની શ્રદ્ધા તેં કદી કરી નથી, તેનું જ્ઞાન કર્યું નથી ને તેમાં સ્થિરતા કરી નથી; મિથ્યાત્વાદિ ઊંધા ભાવોને સેવીને દુઃખ જ ભોગવ્યું છે. હવે તેનાથી છૂટવા માટે સંતોના આ ઉપદેશને તું અંગીકાર કર.

મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાજ્ઞાનને લીધે જીવને તત્ત્વોના સ્વરૂપમાં કેવા કેવા પ્રકારની ભૂલો હોય છે તે સમજાવ્યું, જેથી પોતાની ભૂલ સમજીને તે ભૂલને તે ટાળે અને સાચા શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ કરીને મોક્ષમાર્ગમાં લાગે. હવે મિથ્યાચારિત્ર શું છે તે પણ ટૂંકમાં સમજાવીને તે છોડવાનો ઉપદેશ આપે છે.

*

## મિથ્યાચારિત્રનું સ્વરૂપ

જીવને દુઃખદાયક એવા મિથ્યાશ્રદ્ધા તથા મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ કહ્યું, હવે મિથ્યાચારિત્રનું સ્વરૂપ કહે છે—

इन जुत विषयनिमें जो प्रवृत्त, ताको जानो मिथ्याचरित्त।
यों मिथ्यात्वादि निसर्ग जेह, अब जे गृहीत सुनिये सु तेह ।।८।।

જેને તત્ત્વમાં ભૂલ છે, શ્રદ્ધા અને જ્ઞાન મિથ્યા છે, તેને નિજસ્વરૂપમાં પ્રવૃત્તિરૂપ સાચું ચારિત્ર તો હોતું નથી; તે તો મિથ્યાત્વ સહિત બાહ્ય વિષયોમાં જ પ્રવર્તે છે; તેને મિથ્યાચારિત્ર જાણો. આ મિથ્યાત્વાદિ નૈસર્ગિક છે એટલે કે કુગુરુ વગેરેના નિમિત્ત વગર જીવ નિજસ્વરૂપને ભૂલીને આવી ભૂલ કરી રહ્યો છે; તેને અગૃહીત કહે છે. કુગુરુ વગેરેના નિમિત્તે જે વિશેષ મિથ્યાત્વાદિ ભાવો જીવ ગ્રહણ કરે છે તેને ગૃહીત કહેવાય છે. તેનું વર્ણન હવે પછી કરશે.

શુભાશુભ બંનેથી પાર ચૈતન્યસ્વભાવ છે તેમાં ચરવું તે સાચું ચારિત્ર છે, તે વીતરાગભાવરૂપ છે, આવા સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર જીવે પૂર્વે કદી સેવ્યા નથી. અજ્ઞાનીપણે મંદ કષાય કર્યા, શુક્લ લેશ્યા પણ કરી; પણ શુક્લ લેશ્યા એ કાંઈ ધર્મ નથી. શુક્લ ધ્યાન જુદી ચીજ છે ને શુક્લ લેશ્યા જુદી ચીજ છે. અજ્ઞાનીને શુક્લ ધ્યાન

**છે નિયમ મોક્ષોપાય, તેનું ફળ પરમ નિર્વાણ છે;**
**વળી આ ત્રણેનું ભેદપૂર્વક ભિન્ન નિરૂપણ હોય છે. ૪.**

નથી હોતું પણ શુક્લ લેશ્યા કોઈને હોય છે. કોઈને શુક્લ-લેશ્યા હોય છતાં અજ્ઞાની હોય, કોઈને કૃષ્ણ લેશ્યા હોય છતાં જ્ઞાની હોય; માટે લેશ્યા ઉપરથી કોઈનું જ્ઞાની–અજ્ઞાનીપણું નક્કી થતું નથી.

હે જીવ! સંસારનાં સર્વ દુઃખોનું કારણ આ મિથ્યાત્વાદિ જ છે, બીજું કોઈ દુઃખ દેનાર નથી, આમ જાણીને તેનો ત્યાગ કરવો જોઈએ;–કઈ રીતે? કે સાચા તત્ત્વજ્ઞાનવડે તે મિથ્યાત્વાદિ છૂટે છે. સાચા તત્ત્વજ્ઞાન વગર ઈન્દ્રિય વિષયોની ઈચ્છા કદી છૂટે નહિ. ભલે શુભરાગ ને શુભવિષયો હો, પણ તે ઈન્દ્રિયવિષયો જ છે, તેમાં મગ્ન થનાર જીવ અતીન્દ્રિય સ્વવિષયને ભૂલી જાય છે. ઈન્દ્રિયવિષયો અનુકૂળ મળતાં જાણે હું સુખી થઈ ગયો, ને શુભરાગ થતાં જાણે કે હું સુખી થઈ ગયો,–પણ ભાઈ, એ તો મિથ્યાચારિત્ર છે, તેમાં સુખ કેવું? એમાં તો દુઃખ છે. આ પ્રમાણે આ અગૃહીત મિથ્યાશ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રને દુઃખનાં કારણ સમજીને તેને છોડ.

હવે તે ઉપરાંત, કુગુરુ–કુદેવ–કુધર્મના સેવનથી થયેલ જે ગૃહીત મિથ્યાત્વાદિ, તેનું સ્વરૂપ બતાવીને તે છોડવાનો ઉપદેશ આવે છે. (ક્રમશઃ) ❊

❊

(અનુસંધાન પેજ નં. ૯ થી ચાલુ) (ઈષ્ટોપદેશ પ્રવચન)

મારાં દ્રવ્ય-ગુણ-પર્યાયથી બધાં પરદ્રવ્ય જુદાં છે. સર્વથા સર્વપ્રકારે બધાં પરદ્રવ્યો મારાથી જુદાં છે. મારું બધાંથી ન્યારું જ છે.

પ્રભુ ! તારું સ્વરૂપ તારાથી સ્વસંવેદ્ય છે. અનંત પર્યાયો સહિત ભગવાન તારા દ્રવ્યને જાણે છે તેને પણ તું જાણી શકે છે.

મુમુક્ષુ :–આવી વાતો કોઈ દી સાંભળી ન હતી.

પૂજ્ય ગુરુદેવ :–આ વાત પહેલાં હતી જ નહિ ને ! બહારની કડાકુટમાં લોકોની જિંદગી ચાલી જાય છે. અંદરની લાયકાત વગર સાંભળવા પણ કયાંથી મળે ? લાયકાત હોય ત્યારે સાચું તત્ત્વ સાંભળવા મળે છે.

ગાથામાં કહ્યું ''હું નિર્મમ એક વિશુદ્ધ, જ્ઞાની યોગીગમ્ય'' હું પોતે જ્ઞાની-યોગી છું. મને મારો આત્મા જ્ઞાનમાં ગમ્ય થાય છે એવો ભાવ આમાં આવી જાય છે. શરીર, વાણી, મન, પુણ્ય-પાપ ભાવ આદિ બધાં મારાંથી અન્ય છે, મારે અને તેને કાંઈ સંબંધ નથી. આવા અભિપ્રાય સહિત આત્માને જાણવો તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આ વાત ત્રણકાળ ત્રણલોકમાં ક્યાંય ન હોઈ શકે. (ક્રમશઃ) ❊



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

## ✽ જ્ઞેય અધિકાર ✽

આ અનુભવપ્રકાશ છે. આત્માનો ત્રિકાળ જ્ઞાન-આનંદ સ્વભાવ છે. તે પરમાં અને વિકારમાં અટકીને પર્યાયમાં વિકારનો અનુભવ કરે છે તે તેનું વાસ્તવિક સ્વરૂપ નથી. ત્રિકાળી સ્વભાવની પ્રતીત અને ઓળખાણ કરીને આનંદનો અનુભવ કરવો તે ધર્મ અને મોક્ષમાર્ગ છે. આત્માના જ્ઞાનાનંદ સ્વરૂપનો અનુભવ કોને થાય?—કે આત્મા જ્ઞાન છે, તે સ્વ-પરને જાણનાર છે ને આત્મા તેમજ અનંતા પરપદાર્થો તે જ્ઞેયો છે, પરપદાર્થો જ્ઞાનનું જ્ઞેય છે ને આત્મા તેનો જ્ઞાતા છે. ''જ્ઞાતું યોગ્ય' જ્ઞેયં'' એટલે કે જણાવાયોગ્ય પદાર્થો તે જ્ઞેય છે. એથી આગળ વધીને બીજો સંબંધ માને તો તે અજ્ઞાની છે. પર ચીજો જ્ઞાનમાં જણાય, પણ પર ચીજો આત્માને કાંઈ લાભ-નુકશાન કરે—એમ નથી અને આત્મા તે જ્ઞેયોને જાણે, પણ તેને કાંઈ દૂર કે નજીક કરે એવું તેનું સ્વરૂપ નથી.

જ્ઞેય પદાર્થ કેવો છે? તેનું વિશેષ વર્ણન કરે છે. પદાર્થની ત્રણ અવસ્થા-દશા-પ્રકાર છે—દ્રવ્ય, ગુણ અને પર્યાય, આ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં બધા જ્ઞેયપદાર્થો સમાઈ જાય છે તેના સિવાય ચોથી કોઈ ચીજ જગતમાં નથી. દ્રવ્ય કહ્યું તેમાં આત્મા પોતે પણ આવી જાય છે. આત્મા પોતે પણ જ્ઞેય છે. પોતાના તેમજ પરના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એવો જ્ઞાનનો સ્વભાવ છે, પણ પરની અવસ્થાને કરે નહિ, ભોગવે નહિ, ગ્રહે નહિ, છોડે નહિ. ત્રિકાળી દ્રવ્યને, અનંત ગુણોને તેમજ પર્યાયને જ્ઞાન જાણે છે. રાગપર્યાયને પણ જાણે છે પણ રાગને કરું કે છોડું—એવો જ્ઞાનનો સ્વભાવ નથી. જ્ઞાન તો જાણનાર જ છે. આવી પ્રતીત કરે તેને ભેદજ્ઞાન થઈને આત્માનો અનુભવ થાય. અહીં ત્રિકાળી દ્રવ્યને 'દ્રવ્યઅવસ્થા' કહેલ છે. કેમકે દ્રવ્ય પણ ત્રિકાળ દ્રવ્યરૂપે અવસ્થિત રહે છે, તેથી તેને પણ અવસ્થા કહેવાય છે. વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાય એ ત્રણેને અહીં અવસ્થા કહી છે.

દ્રવ્યનું દ્રવ્યપણે ટકી રહેવું, ગુણનું ગુણપણે ટકી રહેવું ને દરેક અવસ્થાનું પોતપોતાપણું રહેવું—એમ દ્રવ્ય-ગુણ-પર્યાય એ ત્રણેય જ્ઞાનનાં જ્ઞેયો છે, પણ ત્યાં જ્ઞાનને

રે ! આપ્ત-આગમ-તત્ત્વની શ્રદ્ધાથી સમકિત હોય છે;
નિઃશેષદોષવિહીન જે ગુણસકળમય તે આપ્ત છે. ૫.

લીધે જ્ઞેય નથી ને જ્ઞેયને લીધે જ્ઞાન નથી. આમ જાણે તો પરજ્ઞેયનો સ્વામી ન થાય ને સ્વજ્ઞેયનો સ્વામી રહીને ધર્મ કરે.

વસ્તુ છે, જે વસ્તુ છે તે સ્વયંસિદ્ધ છે, તેનામાં જ્ઞેય થવાનો ધર્મ છે ને આત્મામાં જાણવાનો ધર્મ છે. જો તેને બદલે પર સાથે કર્તા-કર્મપણું માને તો તેને અધર્મ અને મિથ્યાત્વ થાય છે. આત્મા સિવાય શરીર, લક્ષ્મી વગેરે જડ પદાર્થો છે. તે જ્ઞાનનું જ્ઞેય છે. પણ તે પદાર્થોમાં આત્માનું સુખ નથી. તે પદાર્થો મને સુખરૂપ છે કે મને દુઃખરૂપ છે એમ માને તો તે ભ્રમણા છે. પરદ્રવ્યમાં એવી શક્તિ નથી કે આ આત્માને તેઓ સુખ-દુઃખ આપે. હા. જ્ઞાનનું જ્ઞેય થવાની તેમની તાકાત છે. આમ સમજતાં જ્ઞાન તટસ્થ રહી ગયું ને પરમાં ઈષ્ટ-અનિષ્ટપણાની માન્યતા ન રહી—એટલે વીતરાગભાવરૂપ શાંતિ રહી. એનું નામ ધર્મ અને એનું નામ સુખ છે.

લાકડું ઊંચું થયું તે તેના પરમાણુઓનો પર્યાયધર્મ છે. તે હાથને લીધે ઊંચું થયું નથી. તેમ જ જ્ઞાનને લીધે કે રાગને લીધે પણ થતું નથી. જ્ઞાનનો તેને જાણવાનો ધર્મ છે—ત્યાં એમ માને કે મારે લીધે આ લાકડું ઊંચું થયું—તો તે મિથ્યાદૃષ્ટિ છે, તેને પરથી ભિન્ન પડીને જ્ઞાનસ્વરૂપનો અનુભવ થતો નથી.

આત્માના અનંત ગુણોમાં જ્ઞાનગુણની પ્રધાનતા છે. તે જ્ઞાન સમસ્ત પદાર્થોનો નિર્ણય કરવાના સ્વભાવવાળું છે ને પદાર્થો તેનાં જ્ઞેયો છે. આમ સમજે તેને પરથી ભિન્નતા થઈને આત્માનો અનુભવ થાય છે.

દ્રવ્યઅવસ્થા મુખ્ય છે. મૂળ ચીજ ન હોય તો તેના શક્તિરૂપ ગુણ અને તેની પર્યાયનું નક્કી ન થાય. જો આત્મા, પરમાણુ વગેરે પદાર્થ સ્વશક્તિવાનપણું ન ધરે તો ગુણ-પર્યાયપણું સાબિત ન થાય. ગળપણ હોય અને તેને ધારણ કરનાર પદાર્થની સત્તા ન હોય તો તેનું વસ્તુપણું ન હોય. દ્રવ્યઅવસ્થારૂપ કાયમી ચીજ વિના (આધારરૂપ વસ્તુ વિના) ગુણ ન હોય. જ્ઞાનસ્વભાવનું સામર્થ્ય જ એવું છે કે જેમ છે તેમ સ્વ-પર જ્ઞેયનું દ્રવ્ય-ગુણ-પર્યાયથી અવસ્થિતપણું જાણે. વસ્તુ છે તે તેના જ ગુણ-પર્યાયને વ્યાપનાર છે. તે કોઈ બીજાને લઈને નથી. જ્ઞાન સ્વ-પર જ્ઞેયને જાણે અને જ્ઞેયમાં જણાવાયોગ્યપણું છે. વસ્તુ છે તે તેના ગુણ-પર્યાયમાં વ્યાપક છે, રાગપર્યાય છે તેનો આધાર આખો ગુણ તે ચારિત્ર છે. પર્યાયરૂપ રાગ અંશનું તે ચારિત્રપણામાં વ્યાપવું છે, કોઈ કર્મ કે નિમિત્તનું તેમાં વ્યાપવું નથી. આમ દરેકનું સ્વતંત્રપણું છે. જે કોઈ સંસારપર્યાય નિમિત્તથી થયો

**ભય, રોષ, રાગ, ક્ષુધા, તૃષા, મદ, મોહ, ચિંતા, જન્મ ને**
**રતિ, રોગ, નિદ્રા, સ્વેદ, ખેદ, જરાદિ દોષ અઢાર છે. ૬.**

જાણે છે તેણે આત્માનું પોતાના ગુણ-પર્યાયમાં સ્વતંત્રપણે વ્યાપવું માન્યું નહિ.

કેવળી ભગવાનની સમીપે ક્ષાયિક સમકિતની પર્યાય ઊઘડે, ત્યાં જ્ઞાની જાણે છે કે મારા શ્રદ્ધાગુણની પર્યાયમાં મારું વ્યાપવું છે, બીજાથી તેનું વ્યાપવું થયું નથી. શરીરની નગ્નદશા થઈ તેને જ્ઞાન જાણે છે કે તે શરીરની પર્યાયનો આધાર–કારણ તે પરમાણુ દ્રવ્ય છે, તેથી પરમાણુ જ તે પર્યાયનો કર્તા અને વ્યાપક છે. પરવસ્તુ તો જ્ઞાનનું જ્ઞેયમાત્ર છે. તે અનુકૂળ કે પ્રતિકૂળ નથી, કેમકે એવો પદાર્થનો સ્વભાવ જ નથી. જે પરવસ્તુથી સુખ-દુઃખ કે રાગદ્વેષ થવા માને છે તે મૂઢ છે. જે કોઈ પદાર્થ છે તેમાં તેના ગુણ-પર્યાય વ્યાપ્યા છે. તેને જાણવા સિવાય જ્ઞાનની બીજી કોઈ તાકાત નથી. કોઈ જ્ઞેયમાં ઈષ્ટ-અનિષ્ટપણાની છાપ મારેલી નથી. પણ તે માત્ર જાણવાયોગ્ય છે.

દ્રવ્યને નક્કી કર્યા પછી ગુણની અવસ્થાનું અસ્તિત્વ નક્કી થાય. સ્વભાવવાન છે તો તેનો સ્વભાવ શું છે તેમ જાણી શકાય છે. ગુણ વિના ગુણી ન હોય. બીજાથી જુદાપણું ગુણવડે-સ્વભાવવડે નક્કી થાય છે.

દરેક પદાર્થ ગુણોનો સમુદાય છે. છે તે કોઈ પરથી હોઈ શકે નહિ. છે તેનો કોઈ ઈશ્વર-ઉત્પાદક, રક્ષક કે નાશક નથી. દરેક પદાર્થ પૃથક્ પૃથક્ છે. નિમિત્ત છે તે જુદી ચીજ જ્ઞેયરૂપે છે. નિમિત્ત છે તો મને જ્ઞાન થાય કે રાગ થાય એમ માનનારે વસ્તુસ્થિતિ જાણી નથી. જ્ઞાની કહે કે ‘‘નિમિત્તથી લાભ-નુકશાન ન થાય એવો સ્વભાવ છે.’’ ત્યાં અજ્ઞાની કહે કે ‘‘તમે નિમિત્તને માનતા નથી. નિમિત્તથી લાભ-નુકશાન થાય એમ માનો તો તમે નિમિત્તને માન્યું કહેવાય?’’ પણ એ વાત જૂઠી છે.

વસ્તુમાં પર્યાયધર્મ છે તેથી તેમાં સમયે સમયે પરિણામ થાય છે. જો પર્યાયઅવસ્થા ન હોય તો વસ્તુ પરિણમે ક્યાંથી? વસ્તુ પોતે પોતાના પર્યાયધર્મથી જ પરિણમે છે, પરને કારણે પરિણામ થતા નથી–આવી તત્ત્વની મર્યાદા છે. અરે જીવ! તું ધીરો થા, ધીરો થઈને તત્ત્વની મર્યાદાને જાણ, તો જ શાંતિ થશે ને દુઃખ મટશે. આ સિવાય બીજા ઉપાયથી શાંતિ થાય તેમ નથી. પર્યાય થવાનો ધર્મ વસ્તુમાં છે. સંસારપર્યાય થવાની લાયકાત જીવમાં છે. જો જીવમાં તે લાયકાત ન હોય તો શું કર્મ કરાવી દે? અને શિષ્યમાં જ્ઞાન થવાની લાયકાત ન હોય તો શું ગુરુ તેને આપી દે? કોઈના કારણે કોઈની પર્યાય થાય નહિ. શિષ્ય તેના પર્યાયધર્મથી જ જ્ઞાનપણે છે, ને

**સૌ દોષ રહિત, અનંતજ્ઞાનદ્રગાદિ વૈભવયુક્ત જે,**
**પરમાત્મ તે કહેવાય, તદ્‌વિપરીત નહિ પરમાત્મ છે. ૭.**

જીવ પોતાની પર્યાયથી જ સંસાર કે મોક્ષપણે પરિણમે છે. વળી નિર્દોષ આહારને લીધે જીવને મુનિપણું ટકી રહે છે એમ પણ નથી.

ક્ષણે ક્ષણે નવી નવી પર્યાયપણે થવું તે પણ પદાર્થનો અવસ્થાધર્મ છે, કોઈ બીજી ચીજને લઈને નથી. માટીમાંથી ઘડો થાય છે, ત્યાં માટીમાં તેવી પર્યાયઅવસ્થા છે. કુંભાર તે અવસ્થાને પરિણમાવતો નથી. તે તે પર્યાયમાં ટકવું એવો વસ્તુનો અવસ્થાધર્મ છે. અવ=નિશ્ચયપણે, સ્વ=ટકવું, જે સમયની જે પર્યાય છે તે નિશ્ચિત જ છે. દ્રવ્ય તે સમયે નિશ્ચયથી તે અવસ્થાપણે પરિણમવાનું છે. એવો તેનો અવસ્થાધર્મ છે, તે જ્ઞેય છે. અને આત્માનો તેણે જાણવાનો સ્વભાવ છે. તેને બદલે આડું-અવળું કરવાનું જે માને તેણે જ્ઞાનનો અનાદર કર્યો, અનંત ગુણોનો અનાદર કર્યો, જ્ઞેયોનો અનાદર કર્યો, તે મિથ્યાદષ્ટિ થઈને અનંત સંસારમાં રખડે છે. આત્માના રાગથી શરીર ચાલતું નથી ને શરીર ચાલવાને કારણે રાગ થતો નથી સૌ પોતપોતાની અવસ્થામાં પરિણમે છે. નિમિત્ત આવ્યું માટે તે અવસ્થા થઈ—એમ નથી. ભગવાન! તારે શાંતિ જોઈતી હોય તો જ્ઞેયોને જેમ છે તેમ જાણ! વિપરીતપણે જાણે તેને શાંતિ થાય નહિ. યથાર્થ પદાર્થને જે જાણે તેને સમ્યગ્જ્ઞાન થઈને શાંતિ પ્રગટ્યા વિના રહે નહિ. અહો! એક સિદ્ધાંતમાં તો ત્રણકાળ-ત્રણલોકના પદાર્થોનું પૃથક્કરણ કરી નાખ્યું. પદાર્થમાં પર્યાયધર્મ ન હોય તો તે પરિણમે ક્યાંથી? દરેક પદાર્થ પોતાના પર્યાયધર્મથી જ પરિણમે છે. તે જ્ઞાનનું જ્ઞેય છે. બીજાના કારણે પદાર્થ પરિણમે એમ માને તે મૂઢ છે. માટે પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ છે—એવું જ્ઞેય છે. લાકડી ઊંચી થઈ તે તેના પર્યાયધર્મથી થઈ છે, હાથને લીધે કે રાગને લીધે કે જીવને લીધે થઈ નથી. જો તેને લીધે થઈ હોય તો આકાશ કેમ ઊંચું નથી થતું? કેમકે તેનામાં તેવો પર્યાયધર્મ નથી. માટે સૌ પોતપોતાના પર્યાયધર્મથી જ પરિણમે છે. આવી વસ્તુસ્વરૂપની મર્યાદા છે. આવું વસ્તુસ્વરૂપ જાણવું તે સમ્યગ્જ્ઞાન છે. (ક્રમશઃ) ❊

---

● અનેક પ્રકારની બાહ્ય ક્રિયાઓના ક્લેશથી કોઈ મોક્ષ પામી શકતું નથી અને સમ્યગ્જ્ઞાન પ્રગટ થતાં ક્લેશ વિના જ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનજ્યોતિ સમસ્ત જીવોના અંતરંગમાં રહે છે, તે મન, વચન, કાય અને યુક્તિથી અગમ્ય છે. હે ભવ્યો ! પોતપોતાની જ્ઞાનજ્યોતિ પ્રગટ કરીને સંસારથી મુક્ત થાવ. ૧૯૬૭.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, નિર્જરા દ્વાર, પદ-૨૬-૨૭)

---

પરમાત્મવાણી શુદ્ધ ને પૂર્વાપરે નિર્દોષ જે,
તે વાણીને આગમ કહી; તેણે કહ્યા તત્ત્વાર્થને. ૮.

## પ્રતિષ્ઠાનો મહોત્સવ અને આત્માની સમજણ


આ તો ભગવાનની પ્રતિષ્ઠાનો મહોત્સવ ચાલે છે. ભગવાને જેવો કહ્યો તેવો આત્માનો મહિમા ઓળખવો તે જ સાચો મહોત્સવ છે.

વસુબિંદુ—પ્રતિષ્ઠાપાઠમાં જિનબિંબની પ્રતિષ્ઠા કરાવનાર શ્રાવકનું વર્ણન આવે છે. તે શ્રાવક શ્રીગુરુ પાસે જઈને આજ્ઞા માંગે છે કે હે સ્વામી! હું આ લક્ષ્મીને કુલટા સ્ત્રી સમાન અને અનિત્ય જાણું છું, મારી લક્ષ્મીનો રાગ ઘટાડીને હું તેનો સદુપયોગ કરું એવું કોઈ કાર્ય બતાવો. શ્રી અરિહંત ભગવાનના પંચકલ્યાણક કરવાની મારી ભાવના છે. ત્યારે શ્રીગુરુ કહે છે કે—હે ભવ્ય! ધન્ય છે. તું તારા કુળમાં સૂર્ય સમાન છે; એમ કહીને જિનબિંબ પ્રતિષ્ઠા અને પંચકલ્યાણક મહોત્સવની આજ્ઞા આપે છે. તે મહોત્સવ અનંત ભવોનો નાશ કરનાર છે. અહીં બાહ્ય ક્રિયાની કે એકલા શુભરાગની વાત નથી, પણ પોતાના જ્ઞાતાદ્રષ્ટાસ્વભાવના ભાનપૂર્વક તેમાં લીન થઈને તૃષ્ણા ઘટાડતાં અનંત અવતારનો નાશ થઈ જાય છે. પરમાર્થે તો, આત્મસ્વભાવની જે અનંતજ્ઞાનમય સંપત્તિ છે તેને પ્રગટ કરીને રાગનો વ્યય કરવો તે મહોત્સવ છે. મહોત્સવ કરનાર પોતાનો રાગ ઘટાડવા માટે પોતાની સંપત્તિનો વ્યય કરે. ખરેખર લક્ષ્મીનો વ્યય આત્મા કરી શકતો નથી પણ રાગ ઘટાડવાના ઉપદેશ માટે લક્ષ્મીના વ્યયની વાત વ્યવહારે કરી છે.

वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।
वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।१।।

અહીં, સમયસારની શરૂઆતમાં જ આચાર્યભગવાન અંતરમાં સિદ્ધપણાનું પ્રસ્થાનું મૂકે છે. પહેલાં તો આત્મામાં સિદ્ધભગવાનને સ્થાપે છે તે જ ખરી સમયસારની પ્રતિષ્ઠા છે. સમયસાર એટલે શુદ્ધ આત્મા; પોતાના આત્મામાં 'રાગ તે હું' એવી મિથ્યા માન્યતાને ઊખેડી નાખીને, 'સિદ્ધભગવાન જેવો શુદ્ધ આત્મા હું છું.' એવી પ્રતીતિ કરીને શુદ્ધ આત્માને સ્થાપવો તેનું નામ સમયસારની પ્રતિષ્ઠા છે. આ ગાથામાં આચાર્ય ભગવાનનો નાદ છે કે હું સિદ્ધ છું, તમે સિદ્ધ છો. શ્રોતાઓને કહે છે કે—જીવો! તમે પણ સિદ્ધ છો, તમારા આત્મામાં સિદ્ધપણું સમાઈ જાય તેવી તાકાત છે, જે જ્ઞાન સિદ્ધને જાણીને પોતામાં સિદ્ધપણું સ્થાપે છે તે જ્ઞાનમાં સિદ્ધ જેટલી તાકાત છે. પોતાના આત્મામાં જે સિદ્ધપણાને સ્થાપે તે જીવ રાગનો કે અપૂર્ણતાનો આદર ન કરે, તેમ જ પરનું હું કરું કે પર મને મદદ કરે એમ પણ માને નહિ. પણ પોતે પોતાના સ્વભાવ તરફ વળીને અનુક્રમે સિદ્ધદશા જ પ્રગટ કરે, પછી તેને ભવભ્રમણ રહે નહીં.

## ✽ ભગવાનનો જન્મકલ્યાણક અને આત્મભાન ✽



અહીં કહ્યો તેવા શુદ્ધ આત્માના ભાનસહિત જ શ્રી તીર્થંકરદેવનો આત્મા જન્મે છે. દેવ-દેવીઓ સેવા કરે છે, રત્નોની વૃદ્ધિ થાય છે ને ઈન્દ્રો જન્મકલ્યાણક ઊજવે છે—એ તો બધો પુણ્યનો પ્રભાવ છે. પણ એવા પુણ્ય કોને બંધાય? —કે જેને આત્માનું ભાન હોય ને પુણ્યની ભાવના ન હોય તેને જ, રાગથી તેવા પુણ્ય બંધાઈ જાય છે. તીર્થંકરપ્રકૃતિનું કર્મ બંધાય તે જો કે આત્માના ધર્મનું ફળ નથી પણ તે પ્રકૃતિ ધર્મીની ભૂમિકામાં જ બંધાય છે, આત્મજ્ઞાન પછી જ તીર્થંકરપ્રકૃતિ બંધાય છે. તે તીર્થંકર ભગવાનનો જન્મ થતાં ત્રણલોકમાં દિવ્ય અજવાળાં થાય છે. આજે અહીં ભગવાનના જન્મકલ્યાણક મહોત્સવનું દૃશ્ય થયું. અહીં તો ઉપચારથી નિક્ષેપ કરીને કલ્યાણક બતાવાય છે. સાક્ષાત્ ભગવાનના પંચકલ્યાણક તો કોઈ વિશેષ ભાગ્યશાળીને નજરે પડે છે; અને તેમાંય ખરેખર તો જે ચૈતન્યસ્વભાવના ભાન સહિત જુએ તેણે જ સાક્ષાત્ નજરે ભગવાનના કલ્યાણક જોયાં કહેવાય. બીજાએ તો માત્ર ભગવાનના બાહ્ય દેહાદિને જ જોયા, પણ સાચા ભગવાનને જોયા નહિ. આપણે તો અહીં પંચકલ્યાણક મહોત્સવમાં પણ આત્માની સમજણની મુખ્યતા છે. પંચકલ્યાણકમાં ગર્ભકલ્યાણક અને જન્મકલ્યાણકનાં દૃશ્યો થયા; હજી દીક્ષાકલ્યાણક, કેવળકલ્યાણક વગેરે દૃશ્યો થશે, તે બધું જોવા જેવું છે.

## ✼ ચૈતન્યચિહ્ન ✼

પંચકલ્યાણકના ઉત્સવમાં જે શુભરાગ થાય તે આત્માનું લક્ષણ નથી પણ 'ચૈતન્ય' તે જ આત્માનું ચિહ્ન છે; તે ચૈતન્યચિહ્નને જાણ્યા વિના ધર્મ થાય નહિ. જેમ લૌકિકમાં અંક અને અક્ષરના જ્ઞાન વગર નામું લખાતું નથી, તેમ ધર્મમાં 'અંક' એટલે ચૈતન્યચિહ્ન અને 'અક્ષર' એટલે અવિનાશી ધ્રુવસ્વભાવ, તેને જાણ્યા વિના ધર્મ થતો નથી. જ્ઞાનલક્ષણથી અવિનાશી આત્માને જાણીને તેમાં એકાગ્રતાથી જ આત્મામાં ધર્મનું નામું કોતરાય છે.



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે કહે છે કે–જે તત્ત્વજ્ઞાની સર્વ પરિગ્રહનો ત્યાગી થાય છે તે સ્ત્રી આદિને વશ થતો નથી :—

**सो ण वसो इत्थिजणे सो ण जिओ इंदिएहिं मोहेण ।**
**जो ण य गिह्णदि गंथं अब्भंतर-बाहिरं सव्वं ।।२८२।।**

અર્થ :—જે પુરુષ તત્ત્વનું સ્વરૂપ જાણી બાહ્ય-અભ્યંતર સર્વ પરિગ્રહને ગ્રહણ કરતો નથી તે પુરુષ સ્ત્રીજનને વશ થતો નથી, તે જ પુરુષ ઈન્દ્રિયોથી જિતાઈ જતો નથી તથા તે જ પુરુષ મોહકર્મ જે મિથ્યાત્વકર્મ તેનાથી જિતાતો નથી.

ભાવાર્થ :—સંસારનું બંધન પરિગ્રહ છે. જે સર્વ પરિગ્રહને છોડે તે જ સ્ત્રી-ઈન્દ્રિય-કષાયાદિને વશીભૂત થતો નથી. સર્વત્યાગી થઈ શરીરનું પણ મમત્વ ન રાખે તો તે નિજસ્વરૂપમાં જ લીન થાય છે.

ભાઈ ! ત્રણેકાળે સનાતન નિર્ગ્રંથ મુનિમાર્ગ એક જ પ્રકારનો છે. અંતર પરિણતિમાં ત્રણ કષાય ચોકડીનો અભાવ હોવાથી, નગ્ન-દિગમ્બર વીતરાગી સંત, હજારો વાર છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં વર્તે છે. અત્યારે મહાવિદેહક્ષેત્રમાં મુનિધર્મનો આ એક જ પ્રકાર છે—એવા પરમ જિતેન્દ્રિય મુનિ મુખ્ય છે. તેમને સ્વરૂપમાં સ્થિરતા કરવાથી રાગ છૂટી જાય છે. ચોથા ગુણસ્થાનવાળો જીવ, મિથ્યાત્વને જીતવાવાળો છે. અહીં આચાર્યદેવ પોતે ભાવલિંગી મુનિ છે, તેઓ સદા જિતેન્દ્રિય વર્તતા થકા વીતરાગતાની ભાવના ભાવે છે અને જે એવી સમજણપૂર્વક ભાવનામાં વર્તે છે, તેઓ ઈન્દ્રિયવશ થઈને મિથ્યાત્વથી પરાજિત થતા નથી અર્થાત્ તેઓ પોતે જ મિથ્યાત્વને જીતી લે છે.

આત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ છે. રાગ અથવા જડની ક્રિયાનો અંશ પણ તારો નથી–એવો જ્ઞાયક આત્માનું ભાન થવું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. ત્યારબાદ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિપૂર્વક બાર ભાવના ભાવતા-ભાવતા, રાગનો અભાવ થઈ જાય છે અને વીતરાગતા વધતી જાય છે—આ સંવર-નિર્જરા છે.

**જીવદ્રવ્ય, પુદ્ગલ, કાળ તેમ જ આભ, ધર્મ, અધર્મ—એ**
**ભાખ્યા જિને તત્ત્વાર્થ, ગુણપર્યાય વિધવિધ યુક્ત જે. ૯.**

અહીં કહે છે કે સર્વજ્ઞદેવે જીવાદિ તત્ત્વોનું જેવું સ્વરૂપ કહ્યું છે, તે અનુસાર જે જાણતો નથી તે જીવ વિષય-કષાયને વશ થાય છે. જે જીવ, ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ કરીને તેની ભાવના ભાવે છે, તે જીવ વિષય-કષાયને વશ થતો નથી.

જુઓ, બધાથી મોટો પરિગ્રહ મિથ્યાત્વ છે. તે મિથ્યાત્વ જ મોટામાં મોટું બંધન છે. જે જીવ, સિદ્ધસમાન નિજ આત્માનું ભાન કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે, તેને મિથ્યાત્વનો પરિગ્રહ છૂટી જાય છે. ભલે કોઈ બાહ્યમાં સ્ત્રી આદિનો ત્યાગી થઈને બેઠો હોય પણ અંતરંગમાં નિષ્પરિગ્રહી ચિદાનંદસ્વભાવની દૃષ્ટિ નથી તો તે મૂઢ જીવ, વિષયોને જ વશ થઈ ગયો છે.

જે જીવ અંતરંગમાં ચૈતન્યસ્વભાવને વશ નથી, તે ઈન્દ્રિયોને વશ થયા વિના રહી શકતો નથી. જેમને ભગવાન આત્માના ચિદાનંદ, અકષાય શાંતસ્વભાવની ખબર નથી, તે જીવ કષાયોને વશ છે. ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ થયા પછી તેની વિશેષ ભાવનાથી તેમાં લીનતા વડે જેણે રાગાદિ-પરિગ્રહોને છોડી દીધા છે—એવા મુનિવરોને સંસારનું બંધન થતું નથી. સંત-મુનિરાજોને બાહ્યમાં વસ્ત્રાદિ પરિગ્રહ હોતા નથી અને અંતરંગમાં મિથ્યાત્વ-રાગાદિનો પરિગ્રહ હોતો નથી—એવા સંત નિજસ્વરૂપમાં લીન થાય છે, તેમને મુક્તિ પ્રાપ્ત થાય છે.　　　　　　　　　　　　(ક્રમશઃ) ❋

## દરેક તત્ત્વની સ્વાધીનતા

એક આત્મા છે તે પોતાના સ્વરૂપના સદ્‌ભાવપણે અને બીજા અનંત આત્મા તેમ જ જડ પદાર્થોના અભાવપણે ટકેલો છે. એ પ્રમાણે દરેક તત્ત્વ બીજા અનંત પદાર્થોના અભાવથી ટકી રહ્યું છે. એક દ્રવ્યના સ્વરૂપની બાહ્ય જ બીજા દ્રવ્યો લોટે છે, કોઈ દ્રવ્યમાં કોઈ દ્રવ્ય પ્રવેશી જતું નથી, એટલે એક પદાર્થમાં બીજા અનંત તત્ત્વો કાંઈ પણ કરે—એમ ત્રણકાળમાં બનતું નથી. વસ્તુના દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ એકરૂપ છે, એટલે તેમાં કાંઈ કરવાનું નથી. અહીં દ્રવ્ય-ગુણની વાત નથી પણ પર્યાયની વાત છે; પર્યાયો નવી નવી થાય છે, તે પર્યાયો દ્રવ્યના આધારે જ થાય છે. નવી નવી પર્યાયો નિમિત્તને લીધે થાય છે—એવો અજ્ઞાનીનો ભ્રમ છે. એક દ્રવ્યની વર્તમાન હાલત બીજા દ્રવ્યની વર્તમાન હાલતમાં કાંઈ કરે તે વાત અજ્ઞાનીએ માનેલી છે, વસ્તુસ્વરૂપ તેમ નથી.　　　　—પૂજ્ય ગુરુદેવશ્રી (પંચકલ્યાણક પ્રવચન પૃ. ૯૬)

**ઉપયોગમય છે જીવ ને ઉપયોગ દર્શન-જ્ઞાન છે;**
**જ્ઞાનોપયોગ સ્વભાવ તેમ વિભાવરૂપ દ્વિવિધ છે. ૧૦.**

# ✽ સંસારનું મૂળ મિથ્યાત્વ છે ✽

પોતાના પરિણામ સુધારવાનો ઉપાય કરવો યોગ્ય છે, માટે સર્વપ્રકારના મિથ્યાત્વભાવ છોડી સમ્યગ્દ્રષ્ટિ થવું યોગ્ય છે, કારણ કે સંસારનું મૂળ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ સમાન અન્ય કોઈ પાપ નથી. એક મિથ્યાત્વ અને તેની સાથે અનંતાનુબંધીનો અભાવ થતાં એકતાલીસ કર્મપ્રકૃતિઓનો બંધ તો મટી જ જાય છે, તથા સ્થિતિ અંતઃક્રોડાક્રોડી સાગરની રહી જાય છે અને અનુભાગ પણ થોડો જ રહી જાય છે. થોડા જ કાળમાં તે મોક્ષપદ પામે છે; પણ મિથ્યાત્વનો સદ્ભાવ રહેતાં અન્ય અનેક ઉપાય કરવા છતાં પણ મોક્ષ થતો નથી. માટે હરકોઈ ઉપાય વડે પણ સર્વ પ્રકારથી એ મિથ્યાત્વનો નાશ કરવો યોગ્ય છે.

કર્મ વગેરે પરને લીધે જીવના પરિણામ બગડતા–સુધરતા નથી, પણ પોતાના ઉદ્યમથી જ પરિણામ બગડે–સુધરે છે; તેથી એવો ઉપદેશ છે કે પોતાના પરિણામ સુધારવાનો ઉદ્યમ યોગ્ય છે.

માટે સર્વ પ્રકારના મિથ્યા ભાવો છોડી સ્વભાવ સન્મુખ થઈને સમ્યગ્દ્રષ્ટિ થવું યોગ્ય છે. સમ્યગ્દર્શન જ પરમ હિતનો ઉપાય છે. સમ્યગ્દર્શન વગર શુભભાવ કરે તો પણ કલ્યાણ નથી; કેમ કે સંસારનું મૂળ મિથ્યાત્વ છે. મિથ્યાત્વ સમાન અન્ય કોઈ પાપ નથી. સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો અભાવ થયો, અને જીવની એટલી શુદ્ધ પરિણતિ થઈ કે તે જીવને ૪૧ કર્મપ્રકૃતિઓનો તો બંધ થતો જ નથી, ને પૂર્વકર્મની સ્થિતિ અંતઃક્રોડાક્રોડી સાગર જ રહે છે, તથા ઘાતિકર્મો વગેરેમાં અનુભાગ પણ અલ્પ જ રહી જાય છે. જુઓ આ સમ્યગ્દર્શનનો પ્રતાપ! સમ્યગ્દર્શન થતાં અલ્પકાળમાં અવશ્ય મોક્ષપદ પામે છે ને મિથ્યાત્વવાળા જીવને ગમે તેવા ઉપાય કરવા છતાં પણ મોક્ષ થતો નથી. માટે હરકોઈ ઉપાય વડે પણ સર્વ પ્રકારથી એ મિથ્યાત્વનો નાશ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું યોગ્ય છે—આ ઉપાયથી જીવનું કલ્યાણ થાય છે.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—સમ્યગ્દર્શન થયા પછી સાધુપણા માટે વ્રતાદિ તો કરવા પડશે ને?**

ઉત્તર :—ભાઈ! સાધુપણું બહારથી કે વ્રતાદિના વિકલ્પોથી આવતું નથી, અતીન્દ્રિય આનંદની જમાવટ થાય તે સાધુપણું છે, પણ વ્રતાદિ કરવા પડે તે સાધુપણું નથી. આનંદની ઉગ્ર જમાવટ થતાં વ્રતાદિના વિકલ્પો પણ સહજ હોય છે પણ અંદરમાં સ્થિરતા થવી તે સાધુપણું છે.

**પ્રશ્ન :—મહાવ્રતના ભાવ ભલે બંધનું કારણ હોય પણ મુનિઓને સહજ તે ભાવ આવે છે, તેનો નિષેધ કેમ હોય?**

ઉત્તર :—મહાવ્રતના ભાવો મુનિઓને ભલે સહજ આવે તોપણ તે નિષેધવા યોગ્ય છે.

**પ્રશ્ન :—મહાવ્રત તો મોટા પુરુષો આદરે છે, તેથી તેને મહાવ્રત કહે છે, તેનો નિષેધ કેમ થાય?**

ઉત્તર :—મોટા પુરુષો અંતરસ્વરૂપમાં સ્થિર થયા છે તેની સાથે વ્રતના પરિણામ આવે છે તેથી તેને મહાવ્રત કહે છે, પણ છે તો તે બંધના જ કારણ. તેથી તેનો નિષેધ કરાય છે. કલશટીકાના ૧૦૮માં કલશમાં પણ કહ્યું છે કે...વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે, તેથી વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે.

**પ્રશ્ન :—મુનિપણામાં વ્રત–તપ–શીલ આદિ આચરણ કરવાનું કહ્યું છે. જે કરી શકાય છે એને તો બંધનરૂપ અને સંસારનું કારણ કહ્યું તો પછી મુનિઓને શરણ કોનું રહ્યું? મુનિપણું કોના આશ્રયે પાળશે?**

ઉત્તર :—વ્રત-તપ-શીલ આદિ શુભ આચરણરૂપ કર્મનો નિષેધ કરતાં, નિષ્કર્મ અવસ્થારૂપે પ્રવર્તતા, મુનિઓ કાંઈ અશરણરૂપ નથી, જ્ઞાનસ્વરૂપમાં આચરણ કરતું જ્ઞાન જ મુનિઓને શરણરૂપ છે. જ્ઞાનનું શરણ લેતાં મુનિઓ પરમ અમૃતને આસ્વાદે છે તેથી શુભાચરણને નિષેધતાં મુનિઓને જ્ઞાન પરમ શરણરૂપ છે.

**અસહાય, ઇન્દ્રિવિહીન, કેવળ, તે સ્વભાવિક જ્ઞાન છે;**
**સુજ્ઞાન ને અજ્ઞાન—એમ વિભાવજ્ઞાન દ્વિવિધ છે. ૧૧.**

**પ્રશ્ન :—કુંદકુંદાચાર્યે પણ મહાવ્રતને પાળ્યા હતા ને?**

ઉત્તર :—કુંદકુંદાચાર્યે મહાવ્રતને પાળ્યા ન હતા પણ મહાવ્રતના વિકલ્પો આવ્યા હતા તેને જાણ્યા હતા. પણ તે વિકલ્પોના તેઓ સ્વામી ન હતા, તેને પોતાપણે જાણતા ન હતા પણ પરજ્ઞેયપણે જાણનાર હતા.

**પ્રશ્ન :—આત્મસ્વભાવ ઉત્કૃષ્ટ એવા અરિહંતથી પણ શ્રેષ્ઠ, સિદ્ધરૂપ શુદ્ધાત્મા છે. અહીં અધૂરી અવસ્થા હોવા છતાં આત્માને અરિહંતથી પણ શ્રેષ્ઠ કેમ કહ્યો?**

ઉત્તર :—નિજ શુદ્ધાત્મસ્વભાવ વર્તમાનમાં જ પરિપૂર્ણ છે તેનું ધ્યાન કરવાનું કહ્યું છે. અહીં ત્રિકાળ શુદ્ધસ્વભાવની દૃષ્ટિથી કથન છે, પર્યાય ગૌણ છે અને આ આત્માને અરિહંતના લક્ષે રાગની ઉત્પત્તિ થાય છે અને પોતાના સ્વભાવના લક્ષે વીતરાગતાની ઉત્પત્તિ થાય છે, તેથી આ આત્માને માટે અરિહંત શ્રેષ્ઠ નથી પણ પોતાનો શુદ્ધસ્વભાવ જ શ્રેષ્ઠ છે. જેના પ્રત્યેથી તારે ઉપયોગ છોડવાનો છે તેનું તારે શું પ્રયોજન છે? માટે બધાનું લક્ષ છોડ અને તારો ચૈતન્યસ્વભાવ સદાય પૂરો છે તેને લક્ષ્ય બનાવીને તેનું જ નિર્વિકલ્પ ધ્યાન કર. આ અરિહંત અવસ્થા પ્રગટ થવાનું સામર્થ્ય તેનામાં ભર્યું છે અને તે જ ધ્યાન કરવા યોગ્ય છે અન્ય પદાર્થો ધ્યાન કરવા યોગ્ય નથી. એવો ઉપદેશ છે.

**પ્રશ્ન :—દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો વિકલ્પ, તેના તરફનું જ્ઞાન અથવા પંચમહાવ્રતના વિકલ્પરૂપ વ્યવહારત્નત્રયના ભાવ વાસ્તવમાં આત્મા નથી—તે તો ઠીક; પરંતુ તે આત્માની પર્યાય પણ નથી તેવું કેમ હોઈ શકે?**

ઉત્તર :—જે વ્યવહાર રત્નત્રયનો ભાવ તે ખરેખર આત્મા નથી, તેમ જ તે ખરેખર આત્માની પર્યાય પણ નથી, કેમ કે તેની સાથે આત્માની અભેદતા નથી. જ્ઞાનની અવસ્થા થાય તે જ આત્માની પર્યાય છે અને તે જ્ઞાન આત્મા સાથે અભેદ થતું હોવાથી જ્ઞાન તે જ આત્મા છે. રાગ તે અનાત્મા છે.

સમ્યગ્દર્શન પહેલાં કષાયની મંદતાથી વિશુદ્ધિલબ્ધિ વગેરે ભલે હો, પણ તે આત્મા નથી તેમ જ તે સમ્યગ્દર્શનનું ખરું કારણ નથી, તે તો રાગ છે. આ રાગ છે તે સત્ય આત્મા નથી ને આત્મામાં તેની અભેદતા થતી નથી, તેથી તે ખરેખર આત્માની પર્યાય નથી. રાગાદિભાવો સસલાંનાં શીંગડાની જેમ જગતમાં બિલકુલ અભાવરૂપ નથી, આત્માની અવસ્થામાં એક સમય પૂરતા તે સત્ છે પણ આત્માના ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ તે અસત્ છે.

**મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય—ભેદ છે સુજ્ઞાનના;**
**કુમતિ, કુઅવધિ, કુશ્રુત—એ ત્રણ ભેદ છે અજ્ઞાનના. ૧૨.**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

***પ્રશ્ન :***—મનુષ્યજીવનના કર્તવ્ય સંબંધી ફરમાવવા કૃપા કરશોજી.

**સમાધાન :**—મનુષ્યજીવનની અંદર ચૈતન્ય તત્ત્વ જુદું છે અને આ પરદ્રવ્ય જુદું છે એવું ભેદજ્ઞાન કરવાનું છે. અંતરમાં વિભાવો સાથે એકત્વબુદ્ધિ થઈ રહી છે તે તોડવાની છે. હું જુદો ચૈતન્ય જ્ઞાયક છું, જ્ઞાન-આનંદાદિ અનંત ગુણસ્વરૂપ આત્મા છું. તેના ઉપર દૃષ્ટિ કરીને હું શાશ્વત ચૈતન્યજ્યોત છું એમ વારંવાર તેનું રટણ-મનન કરવાનું છે. ભેદજ્ઞાન પ્રગટ કરીને નિર્વિકલ્પ તત્ત્વ આત્મા છે તેની સ્વાનુભૂતિ પ્રગટ કરવાની છે. ગુરુદેવે જે બતાવ્યું છે તે કરવાનું છે. એક જ માર્ગ છે. શ્રીમદે કહ્યું છે ને? ''એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ'' —પરમારથનો પંથ એક જ છે—ચૈતન્ય તત્ત્વને ઓળખો, તેની સ્વાનુભૂતિ પ્રગટ કરો. ભેદજ્ઞાન પ્રગટ કરો તેમ ગુરુદેવે કહ્યું છે અને તે કરવાનું છે.

''આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે.''

આમાં સદા પ્રીતિ કર,—તેમાં પ્રીતિવંત બન; તેમાં સંતુષ્ટ થા;—સંતોષ તેમાં જ છે, બીજે ક્યાંય સંતોષ નથી—બીજે અસંતોષ છે, બીજે ક્યાંય તને શાંતિ નહિ મળે, આત્મામાં જે સંતોષ-શાંતિ-આનંદ છે તે બીજે ક્યાંય નથી. ''આનાથી બન તું તૃપ્ત'' આમાં જ તું તૃપ્તિ પામ—તૃપ્તિ તેમાં જ છે, બીજે ક્યાંય નથી. તૃપ્તિપણું જે છે તે બધું આત્મામાં જ છે, તેમાં જ તને તૃપ્તિ મળશે, બીજે ક્યાંય મળશે નહીં. 'સુખ અહો! ઉત્તમ થશે'' ઉત્તમ સુખની પ્રાપ્તિ તેમાં જ થશે. બીજે—બહારના સુખમાં ઝાંવાં નાખવાથી નહિ મળે. સુખ આત્મામાં જ છે, તેમાંથી જ તે પ્રગટ થશે. તે જ કરવાનું છે.

જેટલું જ્ઞાન છે તેટલો આત્મા છે. જ્ઞાયકતાથી ભરેલો જે જ્ઞાનસ્વરૂપ આત્મા તે જ જ્ઞાયક છે. બસ, તે જ પરમાર્થસ્વરૂપ આત્મા છે, તેને ઓળખ. આ કરવાનું છે. તે પદને

ઉપયોગ દર્શનનો સ્વભાવ-વિભાવરૂપ દ્વિવિધ છે;
અસહાય, ઇન્દ્રિવિહીન, કેવળ, તે સ્વભાવ કહેલ છે. ૧૩.

પ્રાપ્ત કર, તે ખરું પદ છે. અનેક જાતના મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યય આદિ ભેદો છે. તે ભેદો ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને એક જ્ઞાયક ઉપર દૃષ્ટિ કર. બસ, તે જ્ઞાયકમાં તૃપ્તિ પામ. તે જ્ઞાયકમાં જ બધું ભરેલું છે. બીજા ભેદભાવો ને વિભાવો—બધા ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને એક ચૈતન્યમાં દૃષ્ટિ કર. ગુરુદેવે કહ્યું તે ભેદજ્ઞાન—સ્વાનુભૂતિ પ્રગટ કરીને, તેમાં જ તૃપ્તિ પામ. તેમાં જ આનંદનો— શાંતિનો—જ્ઞાનનો સાગર ભર્યો છે અને તેમાંથી જ આનંદ, જ્ઞાન વિગેરે ઊછળશે. તેમાં જ બધું ભર્યું છે, તેમાં જ વારંવાર દૃષ્ટિ-જ્ઞાન અને લીનતા કરવાથી તેમાંથી જ પૂર્ણતાની પ્રાપ્તિ થશે, તે ખરું કરવાનું છે, તે જીવનનું કર્તવ્ય છે. તત્ત્વના વિચાર, શાસ્ત્રાભ્યાસ, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા આ બધું એક ચૈતન્યતત્ત્વને ઓળખવા માટે જ કરવાનું છે. જીવનનું ખરું કર્તવ્ય તે હોવું જોઈએ. ગુરુદેવે ઘણું સંભળાવ્યું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે.

*પ્રશ્ન* :—શુભ ભાવ હોય તો મનુષ્યભવ મળે ને?

**સમાધાન** :—એવા ભાવ રાખવાનું શું કામ છે? ભવનો અભાવ થાય તે ભાવ પ્રગટ કરવા જેવો છે. ભવ કેવો મળે? તેના ઉપર કાંઈ નથી. દેવનો ભવ મળે કે મનુષ્યનો ભવ મળે, તે બધા ભવ જ છે, તેમાં તો આકુળતા છે. ભવમાં ક્યાં શાંતિ છે? ૧૬૨.

*પ્રશ્ન* :—બધા જીવોમાં એટલું બધું જ્ઞાન નથી હોતું કે જેનાથી તત્ત્વજ્ઞાન પામી શકે. શુભ ભાવ કરે તો બીજો મનુષ્યભવ મળે, તેમાં તત્ત્વજ્ઞાન મેળવે અને મોક્ષે જાય એવી ભાવના કરવી યોગ્ય છે?

**સમાધાન** :—આ ભવમાં પુરુષાર્થ ન કરવો અને બીજા ભવમાં કરશું એવો વાયદો કરવા જેવો નથી. પોતે ક્રિયામાં પડ્યો હતો અને જે શુભભાવથી ખરેખર પુણ્ય બંધાય તેમાં ધર્મ માન્યો હતો. શુભભાવની ક્રિયાથી ધર્મ થાય તેમ માનતો હતો તેના બદલે તે બધાથી જુદો આત્મા ગુરુદેવે બતાવ્યો. જે ગુરુએ મુક્તિનો માર્ગ ને મુક્તિ કોઈ જુદાં છે—અપૂર્વ છે એમ બતાવ્યું તેમનો એવો આ સંયોગ મળ્યો તો તેમાં ભેદજ્ઞાનપૂર્વક સમ્યગ્દર્શન થાય તે અપૂર્વ છે. છતાં ત્યાં સુધી ન પહોંચી શકાય તો તેની ભાવના, તેનું રટણ, તેના સંસ્કાર, વારંવાર એનું ચિંતવન કરે. આવો મનુષ્યભવ, સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ, લાંબું આયુષ્ય તથા આવા ગુરુનો સંયોગ મળવો તે એક પછી એક દુર્લભ છે. તે બધું વર્તમાનમાં મળી ચૂક્યું છે. શાસ્ત્રમાં ટોડરમલ્લજી કહે છે કે "સબ અવસર આ ચૂકા હૈ." તું તારું કરી લે. સમ્યગ્દર્શન પામવું દુર્લભ છે. એ પ્રાપ્ત ન થઈ શકે તો આત્મા કોઈ અપૂર્વ છે તેના સંસ્કાર પાડવા, અપૂર્વ આત્માની રુચિ કરવી, ભાવના કરવી, ચિંતવન કરવું, આત્માને એકને મુખ્ય રાખવો અને દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા—એટલું તો જીવ કરી શકે છે, અંતરમાં તેટલો પલટો કરી શકે છે.

## બાળ વિભાગ

# પુણ્ય-પાપની વિચિત્રતા

(શ્રી મહાવીરસ્વામીના સમયમાં શ્રી જમ્બૂસ્વામીના પહેલા થયેલ કામદેવ પદવીના ધારક, તદ્ભવ મોક્ષગામી શ્રી જીવંધરસ્વામીનું ચરિત્ર)

રાજપુરી નગરીના રાજા સત્યંધરે પોતાનું રાજ્ય મંત્રી કાષ્ઠાંગારને સોપી દઈ ભોગમાં લીન બન્યા. આ બાજુ મંત્રીને ખોટો વિચાર આવવાથી રાજાને બંદી બનાવવાનો આદેશ કર્યો. રાજાને આ વાતની જાણ થતા કેકીયંત્રમાં ગર્ભસ્થ રાણીને બેસાડી આકાશમાર્ગે રવાના કરી દીધી. કેકીયંત્રે રાણીને સ્મશાનભૂમિમાં પહોંચાડી દીધી જ્યાં જીવંધરનો જન્મ થયો. દૈવયોગે એક દેવી આવીને રાણીને આશ્વાસન આપે છે કે તમારા પુત્રનું લાલન-પાલન રાજકુમાર ઉચિત થશે. જીવંધરના પુણ્યયોગે તે જ સમયે ગંધોત્કટ શેઠ કે જે પોતાના મૃત પુત્રના અંતિમ સંસ્કાર માટે આવેલા અને અવધિજ્ઞાની મુનિના કથન અનુસાર તેમને જીવંધરની પ્રાપ્તિ થાય છે અને તેઓ ઘરે આવીને પુત્રને સુનંદા શેઠાણીને આપે છે અને જીવંધર ચંદ્રમાની જેમ વૃદ્ધિ પામવા લાગ્યા. પુણ્યોદયથી જીવંધર સ્વયંવરમાં ગંધર્વદત્તાને વીણાવાદનમાં જીતી વિજયી થયા. એક વાર એક કૂતરાએ યજ્ઞ સામગ્રી જૂઠી કરી જેથી લોકો તેને મારતા હતા અર્ધમૃત અવસ્થામાં જીવંધર તેને ણમોકાર મંત્ર સંભળાવે છે. મરીને તે યક્ષેન્દ્ર થાય છે અને તકલીફના સમયે યાદ કરશો તો ઉપસ્થિત થઈ જઈશ એવું જીવંધરને વચન આપે છે. પુણ્યોદયે જીવંધર તીર્થવંદના કરતા રસ્તામાં પરોપકાર કરતા ઉત્તમકુળની કન્યાઓ સાથે વિવાહ થાય છે.....

સુરમંજરીના લગ્ન પછી જીવંધર પોતાના માતા-પિતા અને ગંધોત્કટની સાથે સુખપૂર્વક રહ્યા. પછી પોતાના મામા ગોવિંદરાજ પાસે ગયા. ગોવિંદરાજ ઘણા દિવસોથી પોતાના ભાણેજ જીવંધરને રાજા બનાવવાની યોજના ઉપર વિચાર કરતા હતા. જીવંધરના આગમનથી ગોવિંદરાજના વિચારોને વેગ મળ્યો. તે સમયે દુષ્ટ કાષ્ઠાંગારનો પત્ર રાજા ગોવિંદરાજ પાસે પહોંચ્યો. તેમાં લખ્યું હતું કે ''મહારાજા સત્યધરનું મરણ મદોન્મત્ત હાથીના કારણે થયું છે, તોપણ મારા પાપોદયને કારણે તેમના મરણનું કારણ પ્રજા મને માની રહી છે. માટે તમે મને આવીને મળો તો હું નિશલ્ય થઈ જાઉં.''

પત્ર વાંચીને દુષ્ટ કાષ્ઠાંગારના મેલા અભિપ્રાયની જાણકારી ગોવિંદરાજને પડી ગઈ. ગોવિંદરાજે પણ પોતાની કૂટનીતિજ્ઞ ચતુરાઈથી ''કાષ્ઠાંગાર સાથે અમારી મિત્રતા થઈ ગઈ છે'', એવો ઢંઢેરો પીટાવી દીધો અને પોતાની સેનાની સાથે રાજપુર નગરીની પાસે એક બાગમાં ઉતર્યા.

આ બાજુ ગોવિંદરાજે પોતાની કન્યા લક્ષ્મણાના સ્વયંવર માટે એક જાહેરાત કરી કે ''જે ચંદ્રકયંત્રનું ભેદન કરશે, તેની સાથે લક્ષ્મણાના લગ્ન સંપન્ન થશે.

**ચક્ષુ, અચક્ષુ, અવધિ—ત્રણ દર્શન વિભાવિક છે કહ્યાં;**
**નિરપેક્ષ, સ્વપરાપેક્ષ—એ બે ભેદ છે પર્યાયના. ૧૪.**

જાહેરાત સાંભળીને અનેક ધનુર્ધારી રાજાઓએ સ્વયંવર મંડપમાં આવીને તે યંત્રને છેદવાનો પ્રયત્ન કર્યો, પણ કોઈને સફળતા મળી નહીં. અંતમાં જીવંધર આલાતચક્ર દ્વારા તેના ભેદન કરવામાં સફળ થયા. આ પ્રસંગે રાજા ગોવિંદરાજે જીવંધરનો સાચો પરિચય બધાને આપ્યો—‘‘જીવંધર મહારાજા સત્યધરના રાજપુત્ર અને મારા ભાણેજ છે.

જીવંધરકુમારના આ પરિચયથી દુષ્ટ કાષ્ઠાંગાર અત્યંત ભયભીત થયો તથા ગોવિંદરાજના આમંત્રણ પર પશ્ચાત્તાપ કરવા લાગ્યો, તોપણ તેણે અન્ય રાજાઓના ચડાવવામાં આવી જીવંધરની સાથે યુદ્ધ કરવાની ઘોષણા કરી દીધી. ફળ સ્વરૂપે યુદ્ધમાં કાષ્ઠાંગાર માર્યો ગયો ત્યારે રાજા ગોવિંદરાજે જીવંધરને રાજપુરી નગરીમાં વૈભવ સાથે રાજ્યાભિષેક કર્યો, જેનાથી સર્વને આનંદ થયો. તે અનુસાર ગોવિંદરાજે પણ પોતાની કન્યા ‘લક્ષ્મણા’ના લગ્ન જીવંધર સાથે હર્ષોલ્લાસ સહ કરાવી દીધા.

રાજા જીવંધર નીતિ-ન્યાયપૂર્વક રાજપુરી નગરીમાં રાજ્ય કરવા લાગ્યા. થોડા સમય પછી રાજમાતા વિજયા અને સુનંદાએ પદ્મા નામની આર્યિકા પાસે દીક્ષા ગ્રહણ કરીને આત્મસાધના કરવા લાગ્યા. રાજા જીવંધરે ત્રીસ વર્ષ સુધી નિર્વિઘ્ન રીતે રાજ્ય કર્યું. તેનો પ્રજાથી પુત્રવત્ વ્યવહાર હતો. પ્રજા અત્યંત સુખી અને પ્રસન્ન હતી. રાજ્યને કર ચૂકવવો એ પ્રજાને દાન દેવા સમાન આનંદદાયક લાગતું હતું.



એક સમય રાજા જીવંધર વસંતઋતુમાં પોતાની આઠેય રાણીઓ સાથે જલક્રીડા કરીને ઉદ્યાનમાં વિશ્રામ કરી રહ્યા હતા ત્યાં જુએ છે કે એક વાંદરી પોતાના પતિ વાંદરાને અન્ય વાંદરી સાથે જોઈ રિસાઈને દુઃખી હતી. તે વાંદરીને ખુશ કરવા માટે વાંદરો અનેક પ્રકારની ચેષ્ટાઓ કરી રહ્યો હતો. વાંદરાએ એક કટહલનું ફલ વાંદરીને આપવા ઈચ્છ્યું, તેટલામાં બગીચાનો રખેવાળ માળીએ આવીને તે ફળને છીનવી લીધું આ ઘટનાનો રાજા જીવંધર પર ઘણો પ્રભાવ પડ્યો અને તેમને વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો. તેમણે વિચાર્યું કે કટહલના

તિર્યંચ-નારક-દેવ-નર પર્યાય વૈભાવિક કહ્યા;
પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વભાવિક ભાખિયા. ૧૫.

ફળ સમાન રાજ્ય છે અને હું માળી સમાન છું અને કાષ્ઠાંગાર વાંદરા સમાન છે.

બાર ભાવનાઓનું ચિંતવન કરતા થકા જીવંધરે જિનમંદિરમાં જઈને જિનેન્દ્ર ભગવાનની પૂજા કરી. ત્યાં ચારણ ઋદ્ધિધારી મુનિરાજથી ધર્મોપદેશ સાંભળ્યા પછી પોતાના પૂર્વભવ સંબંધી પૂછ્યું.



મુનિરાજે બતાવ્યું કે—''તમે પૂર્વભવમાં ઘાતકીખંડના ભૂમિતિલક નગરમાં પવનવેગ રાજાના યશોધર નામના પુત્ર હતા. તમને બાળ અવસ્થામાં ક્રિડા કરવા માટે એક હંસના બચ્ચાને પકડી લીધો હતો. પિતાએ તમને અહિંસાધર્મનું સ્વરૂપ સમજાવ્યું. ત્યારબાદ તમને તે કાર્ય ઉપર ઘણો પશ્ચાત્તાપ થયો. પિતાએ રોકવા છતાં તમે જિનેશ્વરી દીક્ષા ધારણ કરી. તે સમયે તમારી આઠેય પત્નીઓએ પણ આર્યિકા વ્રત ધારણ કરી તમારું અનુસરણ કર્યું. જેથી તમે દેવપર્યાય ધારણ કરી. દેવાયુ પૂર્ણ કરીને આ રાજપુરી નગરીના રાજા જીવંધર થયા અને એ આઠેય દેવીઓ તમારી રાણી થઈ. તમે પૂર્વજન્મમાં હંસના બચ્ચાને માતા-પિતા અને તેમના સ્થાનથી અલગ કરી પિંજરામાં બંધ કર્યો હતો તેને ફળરૂપે તમને તમારા માતા-પિતાથી અલગ થવું પડ્યું અને બંધનમાં રહેવું પડ્યું.''

મુનિરાજથી પોતાના પૂર્વભવનું વર્ણન સાંભળીને રાજા જીવંધરને વૈરાગ્યભાવના વૃદ્ધિ પામી અને તેમણે રાજમહેલમાં જઈને ગંધર્વદત્તાના પુત્ર સત્યધરને રાજ્યભાર સોંપ્યો અને ભગવાન મહાવીરના સમવસરણમાં જઈને જિનદીક્ષા ધારણ કરી. અને તમારી આઠેય રાણીઓએ પણ પોતાનું શેષ જીવન આત્મકલ્યાણમાં લગાવી દીધું.

મુનિશ્રી જીવંધરસ્વામીએ ઘોર તપશ્ચરણ કર્યું એક દિવસ આત્મસ્થિરતાપૂર્વક કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી અંતમાં રેવાનદીને કિનારે સિદ્ધવરકૂટ (મધ્યપ્રદેશ)થી સિદ્ધપદ પ્રાપ્ત કર્યું, તેમને અમારા નમસ્કાર હો.

છે કર્મભૂમિજ ભોગભૂમિજ—ભેદ બે મનુજો તણા,
ને પૃથ્વીભેદે સપ્ત ભેદો જાણવા નારક તણા. ૧૬.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૯મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કલશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ | : | બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### ❃ વિશેષ ધાર્મિક કાર્યક્રમ ❃

આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના વાર્ષિક સમાધિદિન નિમિત્તે સોનગઢમાં પંચાહ્નિક વિશેષ ધાર્મિક કાર્યક્રમ કારતક વદ ૩ તા. ૩૦-૧૧-૨૦૨૩, ગુરુવારથી કારતક વદ ૭ તા. ૪-૧૨-૨૦૨૩, સોમવાર સુધી રાખવામાં આવ્યો છે. આ 'ગુરુ-ઉપકારસ્મૃતિ'નો કાર્યક્રમ શ્રી પંચપરમેષ્ઠીમંડલ વિધાન પૂજા, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ગુરુ-ભક્તિભીના માર્ગદર્શન અનુસાર વીતરાગ દેવ-ગુરુની ભક્તિ તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક સાદગીથી ઊજવવામાં આવશે.

### ❃ ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય 'આચાર્યપદવી દિન' સમારોહ ❃

શ્રી કુંદકુંદાચાર્યદેવના 'આચાર્યપદવી દિન'નો ઉત્સવ માગશર વદ ૮, તા. ૪-૧-૨૦૨૪ ગુરુવારના રોજ ભગવાન કુંદકુંદાચાર્યદેવના વિશેષ પૂજન-ભક્તિના કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે.

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો નવેમ્બર-૨૦૨૩ના ઉત્તરો

(૧) ઉપગૂહન
(૨) પ્રશમ
(૩) અમૂઢદૃષ્ટિ
(૪) સંવેગ
(૫) અનુકંપા
(૬) નિઃકાંક્ષિત
(૭) સયોગી કેવળી
અયોગી કેવળી
(૮) પ્રભાવના
(૯) જ્ઞાની
(૧૦) મિથ્યાત્વનાં
(૧૧) સ્થિતિકરણ
(૧૨) ૪૦
(૧૩) નિઃશંકિત
(૧૪) આરંભત્યાગ
(૧૫) પ્રમત્ત—અપ્રમત્ત
(૧૬) ચાર
(૧૭) જાતિસ્મરણ
(૧૮) આસ્રવ
(૧૯) ૩૨
(૨૦) ઉપશાંત—મોહ

## શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્રી સીમંધર ભગવાન, શ્રી ધાતકીવિદેહી ભાવી જિનવરની પ્રતિમાની સુવર્ણપુરીમાં મંગલ પધરામણી

જે શુભ-મંગલ પ્રતિષ્ઠાની મુમુક્ષુ સમાજ આતુરતાથી રાહ જોઈ રહ્યો છે તે મંગલ ઘડી નજીક આવી રહી છે. આ પ્રતિષ્ઠા અંતર્ગત પ્રવચન મંડપમાં બિરાજમાન થનાર ત્રણ ભગવાન—ભૂતકાળના શ્રી પાર્શ્વનાથ ભગવાન, વર્તમાનના શ્રી સીમંધર ભગવાન અને ભવિષ્યના ધાતકીખંડના ભાવી તીર્થંકરની મૂર્તિની તા. ૧૦-૧૧-૨૦૨૩ના રોજ સોનગઢમાં પધરામણી થઈ હતી. સવારે જિનેન્દ્ર પચંકલ્યાણક વિધાન બાદ પૂજ્ય ગુરુદેવશ્રીનું કલ્યાણકારી સીડી પ્રવચન થયું ત્યારબાદ સર્વે મુમુક્ષુગણ જંબૂદ્વીપ-બાહુબલી સંકુલ કે જ્યાં ભગવાન લાવવામાં આવ્યા હતા ત્યાં ગયા ત્યાં અંતરના ઉલ્લાસ અને ભક્તિ તેમજ અક્ષતથી તેમના વધામણા કરવામાં આવ્યા પછી ભવ્ય શોભાયાત્રાપૂર્વક ત્રણેય ભગવંતોને સ્વાધ્યાયમંદિર સંકુલમાં લાવવામાં આવેલ હતા. ભગવાનને સમોસરણ મંદિર આગળ બનાવેલ સ્ટેજ ઉપર પાંચ દિવસ સુધી દર્શનાર્થે રાખવામાં આવેલ. આ ત્રણેય ભગવંતોના દર્શનથી મુમુક્ષુઓમાં પ્રતિષ્ઠાનો ઉત્સાહ ઉમંગ અનેરો વર્તાઈ રહ્યો હતો. આ શોભાયાત્રામાં રસ્તાઓ પ્રતિષ્ઠા સંબંધિત વિવિધ બેનરોથી શોભી રહ્યા હતા.

---

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ-સોનગઢ દ્વારા આયોજિત શ્રી આદિનાથ દિગંબર જિનબિમ્બ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવની

### ❃ મંગલમય પત્રિકા લેખન વિધિ ❃

શ્રી જમ્બૂદ્વીપના શાશ્વત જિનેન્દ્રવૃંદની પ્રતિષ્ઠા અને શ્રી બાહુબલી મુનીન્દ્રની પ્રતિષ્ઠાપન મહોત્સવ તથા શ્રી સીમંધરસ્વામી જિનમંદિરના ઉપરના ભાગમાં બિરાજમાન થનાર ચાર બાલયતિ તીર્થંકર તેમજ પ્રવચન મંડપમાં બિરાજમાન થનાર ત્રણ ભગવાનની પ્રતિષ્ઠા અંતર્ગત શ્રી આદિનાથ દિગંબર જિનબિમ્બ પંચ કલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ (તા. ૧૯-૧-૨૦૨૪ થી ૨૬-૧-૨૦૨૪)ની મંગલ પત્રિકા લેખન વિધિ તા. ૧૧-૧૧-૨૦૨૩ ધનતેરસના મંગલદિને હજારો મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં અતિ હર્ષોલ્લાસ સહ સંપન્ન થઈ. સવારે જિનેન્દ્ર પંચકલ્યાણક પૂજન બાદ સર્વે મુમુક્ષુઓ ટ્રસ્ટી શ્રી નેમિષભાઈના નિવાસસ્થાને ગયા હતા ત્યાં ભાવપૂર્વક અક્ષતથી પત્રિકાના વધામણા કર્યા બાદ પત્રિકાને ભવ્ય શોભાયાત્રાપૂર્વક વાજતે-ગાજતે પત્રિકાને મંદિર પ્રાંગણમાં લાવવામાં આવી હતી. પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન બાદ પત્રિકાને ભક્તિપૂર્વક નિમંત્રણકર્તા પરિવારના સભ્યો જેમાં શ્રી નેમિષભાઈ ધર્મધ્વજ લહેરાવતા આગળ ચાલી રહ્યા હતા પાછળ સૌધર્મ ઈન્દ્ર અને નિમંત્રણકર્તા પરિવારના સભ્યો પાલખીમાં પત્રિકા લઈને આવી રહ્યા હતા, પ્રતિષ્ઠા મહોત્સવના મંગળ ગીતો વાગી રહ્યા હતા આમ ભક્તિભાવપૂર્વક આમંત્રણ પત્રિકાને સ્ટેજ પર લાવવામાં આવી હતી. આ પ્રસંગે મુમુક્ષુઓનો ઉત્સાહ ને ઉમંગ વર્તાઈ રહ્યો હતો. ત્યારબાદ સૌધર્મ ઈન્દ્ર શ્રી હિતેનભાઈ શેઠ દ્વારા પત્રિકાનું ભાવવાહી રીતે વાંચન કરવામાં આવ્યું પછી પત્રિકા લેખનની વિધિનો સર્વપ્રથમ લાભ સૌજન્યકર્તા પરિવારને મળ્યો હતો ત્યારબાદ લેખનવિધિ ભક્તિના સૂરો ને અંતરના આનંદોલ્લાસ સહ સંપન્ન થઈ. આ પત્રિકા લેખનવિધિના સૌજન્યનો લાભ શ્રી શારદાબેન શાંતિલાલ શાહ પરિવાર તથા શ્રીમતી કનકબેન અનંતરાય શેઠ પરિવારને મળેલ હતો. આ પ્રસંગે તેમના તરફથી સ્વામીવાત્સલ્ય રાખવામાં આવેલ હતું.

## (૧૨૪)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

ખાલી જગ્યા પૂરો.

(૧) એક જીવના મોઢામાં અમૃત છે છતાં તે દુઃખી છે તે કોણ ?..............

(૨) એક જીવ કદી ખાતા નથી છતાં સદાય સુખે જીવે છે તે કોણ ?..................

(૩) એક સમ્યગ્દષ્ટિ છે, પણ તે નથી સ્વર્ગમાં, નથી મનુષ્યમાં, નથી તિર્યંચમાં કે નથી નરકમાં, તો તે ક્યાં હશે ? ..................

(૪) જંગલમાં જેનો જન્મ, અંજના જેની માતા તે મોક્ષગામી મહાત્મા ? ....................

(૫) મહાવીરપ્રભુના સૌથી મોટા શિષ્ય જે—બ્રાહ્મણ હતાં ને મોક્ષ પામ્યા તે ................

(૬) જિનદીક્ષા લેનારા છેલ્લા મુકુટબંધી રાજા, જેણે ભદ્રબાહુસ્વામી પાસે દીક્ષા લીધી ? તે રાજા ..................

(૭) એક જીવ વીતરાગ છે, તેનું આયુષ્ય પુરું થયું છતાં તે મોક્ષ ન પામ્યો ? તે ................... જીવ.

(૮) એક મનુષ્ય એવા કે જે કદી ખાય નહીં, પીએ નહીં, છતાં લાખો વર્ષો સુધી જીવે તે ..................

(૯) એક મનુષ્ય પાસે રાતી પાઈ પણ નથી છતાં તે ગરીબ નથી તે....................

(૧૦) કુંદકુંદસ્વામી, જંબૂસ્વામી, અકલંકસ્વામી, મરુદેવી આમાંથી તે ભવે મોક્ષ પામ્યું તે કોણ ? ......................

**નીચે આપેલ પ્રશ્નોના સામે સાચું (✓) અથવા ખોટું (✕) નિશાની કરો.**

(૧) એક જીવ છઠ્ઠી નરકેથી નીકળીને મનુષ્ય થઈ પછી મુનિ થયો. (✓ / ✕)

(૨) એક જીવે તીર્થંકર પ્રકૃતિ બાંધી અને ચોથી નરકે ગયો. (✓ / ✕)

(૩) એક સમ્યગ્દષ્ટિ જીવ મરીને જ્યોતિષીદેવનો ઈન્દ્ર થયો. (✓ / ✕)

(૪) એક સમ્યગ્દષ્ટિ જીવ મરીને બીજી નરકે ગયો. (✓ / ✕)

(૫) સાતમી નરકેથી નીકળેલો જીવ મનુષ્ય થયો. (✓ / ✕)

(૬) પહેલી, બીજી, ત્રીજી નરકેથી નીકળેલ જીવ તીર્થંકર થઈ શકે. (✓ / ✕)

(૭) ભરતક્ષેત્રનો કોઈ જીવ સીમંધરપ્રભુ પાસે ગયો ને ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યો.(✓ / ✕)

(૮) એક જીવ ત્રીજા ગુણસ્થાને મરીને દેવલોકમાં દેવ થયો. (✓ / ✕)

(૯) એક જીવ આત્માને ઓળખી મુનિ થયો. ક્ષપકશ્રેણી માંડી સ્વર્ગમાં ગયો.(✓ / ✕)

(૧૦) ચોથી નરકેથી નીકળેલ જીવ મનુષ્ય થઈ કેવળજ્ઞાન પામી મોક્ષ ગયો. (✓ / ✕)

## બાળકો માટેના આપેલ પ્રશ્ન
## નવેમ્બર – ૨૦૨૩ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) શાંતિનાથ | (૯) શીતલનાથ | (૧૭) મહાવીર |
| (૨) અભિનંદનનાથ | (૧૦) અજિતનાથ | (૧૮) અરહનાથ |
| (૩) અનંતનાથ | (૧૧) સુમતિનાથ | (૧૯) નેમિનાથ |
| (૪) વાસુપૂજ્ય | (૧૨) પારસનાથ | (૨૦) મુનિસુવ્રતનાથ |
| (૫) શ્રેયાંસનાથ | (૧૩) ચંદ્રપ્રભુ | (૨૧) સુપારસનાથ |
| (૬) પદ્મપ્રભ | (૧૪) ધર્મનાથ | (૨૨) ઋષભદેવ |
| (૭) વિમલનાથ | (૧૫) પુષ્પદંત | (૨૩) કુંથુનાથ |
| (૮) મલ્લિનાથ | (૧૬) સંભવનાથ | (૨૪) નમિનાથ |

## વૈરાગ્ય સમાચાર :–

* પંડિત શ્રી વિમલદાદા ઝાંઝરીનું તા. ૨૬-૧૦-૨૦૨૩ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત હતા અને ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનનો ઘણો પ્રચાર-પ્રસાર કરેલ હતો.
* જોરાવરનગર નિવાસી (હાલ-વસઈ રોડ) અનિલભાઈ અમૃતલાલ શાહ (ઉ.વ. ૭૬)નું તા. ૨૭-૧૦-૨૦૨૩)ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* માટુંગા નિવાસી (હાલ યુ.એસ.એ., દાદર) પ્રવીણકાંત જેચંદભાઈ ગોસળીયા (ઉ.વ. ૮૫)નું તા. ૨૭-૧૦-૨૦૨૩ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* લીંબડી નિવાસી (હાલ મુલુંડ) અજિતભાઈ પ્રાણલાલ શાહનું તા. ૨-૧૧-૨૦૨૩ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* જામનગર નિવાસી સ્વ. કરવિયાબેન ડી. બોઘાણીના પુત્ર ભુપેન્દ્રભાઈ ડી. બોઘાણી (ઉ.વ. ૭૮)નું તા. ૪-૧૧-૨૦૨૩ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* લંડન નિવાસી (હાલ અમદાવાદ) અ.સૌ. કુસુમબેન અમૃતલાલ બાવીશા (ઉ.વ. ૯૦)નું તા. ૧૧-૧૧-૨૦૨૩ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* મુંબઈ નિવાસી શ્રીમતી હંસાબેન જનકભાઈ શાહ (ટોળિયા)નું તા. ૧૪-૧૧-૨૦૨૩ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* મુંબઈ (પવઈ) નિવાસી અનુપમાબેન મનહરલાલ (મનુભાઈ) મહેતા (ઉ.વ. ૭૫)નું તા. ૧૬-૧૧-૨૦૨૩ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# (૧૨૪)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચેના પ્રશ્નોનાં ઉત્તરો છઢાળાની ત્રીજી ઢાળમાંથી મળશે.)

(૧) મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર જીવને ................ કારણ છે.
(૨) જીવ મોક્ષના માર્ગમાં લાગે તો ............... થાય.
(૩) સાચો મોક્ષમાર્ગ ............... છે.
(૪) નિશ્ચયનયના આશ્રયે મુનિવરો .................... સાધે છે.
(૫) રાગસહિત વ્યવહાર રત્નત્રય તે સત્યાર્થ ................. નથી.
(૬) રાગ તે આત્માનો સ્વભાવ .................
(૭) શુભાશુભ રાગ તે ................... કારણ છે.
(૮) સમ્યક્ચારિત્ર તે ................. કારણ છે.
(૯) સ્વદ્રવ્યના ગ્રાહક .................. થાઓ.
(૧૦) આખોય મોક્ષમાર્ગ ............... આશ્રિત જ છે.
(૧૧) આત્માને જાણ્યા વગર તેની ................ ન થઈ શકે.
(૧૨) ચોથા ગુણસ્થાને ............... ચારિત્ર હોય છે.
(૧૩) ઉપયોગની શુદ્ધતા વધવાથી સાચી .................. થાય છે.
(૧૪) આત્મસ્વરૂપમાં લીનતા તે ................. છે.
(૧૫) સૌથી કિમતી ત્રણ રત્નો (૧) .................. (૨) .............. (૩) .............
(૧૬) પરથી ભિન્ન આત્માની રુચિ તે ................... છે.
(૧૭) શુદ્ધાત્માના આશ્રયે સાચો .................... પ્રગટે છે.
(૧૮) સંખ્યા અપેક્ષાએ બહિરાત્મા ................ છે, અંતરાત્મા ............... છે અને પરમાત્મા .............. છે.
(૧૯) અરિહંત ભગવાનને .............. અને ............... ગુણસ્થાન હોય છે.
(૨૦) ઉત્તમ અંતરાત્મા ........... થી .............. ગુણસ્થાનવર્તી શુદ્ધોપયોગી મુનિ હોય છે.

---

**✻ પ્રતિષ્ઠા મહોત્સવ મંડપ ભૂમિશુદ્ધિ, ખનનવિધિ તથા શિલાન્યાસ વિધિ સંપન્ન ✻**

આગામી પ્રતિષ્ઠા મહોત્સવનો મંડપ જે ભૂમિ ઉપર બનવા જઈ રહ્યો છે તેમાં નિર્માણ થનાર (જે વેદી પર વિધિ અધ્યક્ષ, અખંડ દીપ, નાંદિવિધાન કળશ, પ્રતિષ્ઠેય ભગવાન બિરાજમાન થનાર છે) તેની ભૂમિશુદ્ધિ, ખનનવિધિ તથા શિલાન્યાસ વિધિ તા. ૨૩-૧૧-૨૦૨૩ના રોજ પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરા તથા ટ્રસ્ટી શ્રી રાજેશભાઈ ઝવેરીના હસ્તે મુમુક્ષુ સમાજની ઉપસ્થિતિમાં સાનંદ સંપન્ન થઈ. આ પ્રસંગના શાસ્ત્રોક્ત વિધિવિધાન પ્રતિષ્ઠાચાર્ય શ્રી સુભાષભાઈ શેઠ દ્વારા કરવામાં આવેલ હતા.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● જેમ રોટલીના લોટને કેળવે છે તેમ એણે આત્માને જ્ઞાનથી કેળવવો જોઈએ. એને ભાવ-ભાસન થવું જોઈએ. ભગવાન કહે છે માટે નહિ. પણ એને પોતાથી ભાવ ભાસવો જોઈએ કે હું આવો મહિમાવંત ચૈતન્યપદાર્થ છું. એની સન્મુખ થવાથી જ સંસારના દુઃખથી છૂટકારો થશે એમ ભાસવું જોઈએ. ૬૦૦.

● પ્રશ્ન :—શુદ્ધનયનો પક્ષ એટલે શું ?

ઉત્તર :—શુદ્ધનયનો પક્ષ એટલે એને શુદ્ધાત્માની રુચિ થઈ છે. અનુભવ હજુ નથી થયો. પણ રુચિ એવી થઈ છે તેથી જીવ અનુભવ કરે જ. પણ એમાં કોઈ (દોષનો) બચાવ કરે, (ગુણ) ન હોય ને માની લ્યે એમ નહિ પણ કેવળી એ જીવને એમ જાણે છે કે આ જીવની રુચિ એવી છે કે તે અનુભવ કરશે જ. તે જીવને જ્ઞાયકનું જોર વીર્યમાં વર્તે છે. ૬૦૧.

● પ્રશ્ન :—તિર્યંચને જ્ઞાન ઝાઝું ન હોવા છતાં તેને આત્મા પકડાય છે ને અમે ઘણી મહેનત કરીએ છતાં કેમ આત્મા પકડાતો નથી ?

ઉત્તર :—એ જાતનું પ્રમાણ આવવું જોઈએ, તે આવતું નથી. જ્ઞાનમાં જેટલું એનું વજન આવવું જોઈએ, તે આવતું નથી. જ્ઞાનમાં એનું જોર જેટલું જોઈએ એ જોર આવતું નથી. જેટલા પ્રકારથી એને સ્પૃહા—આશા છૂટવી જોઈએ તે છૂટતી નથી. તેથી કાર્ય આવતું નથી-આત્મા પકડાતો નથી. ૬૦૨.

● પ્રશ્ન :—સમ્યગ્દર્શન થતું નથી એ પુરુષાર્થની નબળાઈ સમજવી ?

ઉત્તર :—વિપરીતતાના લઈને સમ્યગ્દર્શન અટકે છે અને પુરુષાર્થની નબળાઈના લઈને ચારિત્ર અટકે છે. એને બદલે સમ્યક્ નહિ થવામાં પુરુષાર્થની નબળાઈ માનવી એ તો ડુંગર જેવડા મહાદોષને રાઈ સમાન અલ્પ બનાવે છે. તે ડુંગર જેવડા વિપરીત માન્યતાના દોષને છેદી શકે નહિ. ૬૦૩.

● પ્રશ્ન :—આત્માને કેમ ખમાવવો ?

ઉત્તર :—અનંતગુણમય—આનંદમય આત્માનું સ્વરૂપ ઓળખવું. આત્મામાં કોઈ વિભાવ નથી. આત્મા તો ક્ષમાનો સાગર, શક્તિનો સાગર છે. અનંત-કાળથી અનંતભાવો થયા, ગમે એટલા નિગોદના ભવો થયા છતાં આત્મા તો ક્ષમાનો ભંડાર છે એને ઓળખવો એ જ સાચી ક્ષમા છે. ૬૦૪.

આત્મધર્મ
ડિસેમ્બર-૨૦૨૩
અંક-૪ ● વર્ષ-૧૮

Posted at Songadh PO
Publish on 1-12-2023
Posted on 1-12-2023

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org